RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 306* Date: 3.09.2022, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### મોદીએ આઈએનએસ વિક્રાંત દેશને સોપ્યું

## આ વોરશિપ નથી, સમુદ્રમાં તરતું શહેર છે, નેવીના નવા ધ્વજમાંથી અમે ગુલામીનું પ્રતીક હટાવ્યું



નવીદિલ્હી,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દેશનું પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંતને નેવીને સોંપી દીધું છે. તેમણે નવા નેવીના ધ્વજનું અનાવરણ પણ કર્યું હતું. તેમણે કહ્યું કે પહેલા આ ધ્વજ પર ગુલામીનું પ્રતિક હતું, જેને અમે હટાવી દીધું છે. નવો નેવીનો ધ્વજ શિવાજીને સમર્પિત છે. મોદીએ એરક્રાફ્ટ કેરિયરને બનાવનાર એન્જિનિયર્સની પ્રશંસા કરતા કહ્યું કે આ શીપમાં જેટલા કેબલ અને વાયર છે, તે કોચીથી કાશી સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યું કે આઈએનએસ વિક્રાત માત્ર વોરશીપ નથી, સમુદ્રમાં તરતું શહેર છે. મોદી સવારે ૯.૩૦ કલાકે કોચી સ્થિત કોચીન શિપયાર્ડ લિમિટેડમાં આવી પહોંચ્યા હતા. અહીં તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગવર્નર આરિફ મોહમ્મદ ખાન અને મુખ્યમંત્રી પિનરાઈ વિજયન પણ હાજર હતા.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ ભારત માટે ગર્વની તક છે. આ ભારતની પ્રતિભાનું ઉદાહરણ છે. આ સશક્ત ભારતની શક્તિશાળી તસવીર છે. આ અમૃત મહોત્સવનું અતુલનીય અમૃત છે. આ વાત એ બાબતની સાબિતી આપે છે કે જો દ્દઢ સંકલ્પ હોય તો કંઈપણ અશક્ય નથી. આપણે આજે નવા સૂર્યના ઉદયના સાક્ષી બની રહ્યા છે. એમાં જેટલી વીજળી પેદા થઈ રહી છે એનાથી ૫ હજાર ઘરને વીજળી આપી શકાય છે. એ બે ફૂટબોલ ગ્રાઉન્ડ જેટલી છે. માત્ર કેબલ અને વાયર જ કોચીથી શરૂ કરીને કાશી સુધી પહોંચી શકે છે. આ જટિલતા આપણા એન્જિનિયર્સની કુશળતાનું ઉદાહરણ છે.

મોદીએ કહ્યું હતું કે શિવાજીની સમુદ્રી તાકાતથી દુશ્મન કાંપતા હતા. આજે હું નેવીનો નવો ધ્વજ છત્રપતિ વીર શિવાજી મહારાજને સમર્પિત કરું છું. આ નવો ધ્વજ નેવીના બળ અને આત્મસન્માનને બળ આપશે. અત્યારસુધી નેવીના ધ્વજ પર ગુલામીની તસવીર હતી. આ તસવીરને અમે હટાવી દીધી છે.

મોદીએ વધુમાં કહ્યું કે વિક્રાંત વિશાળ છે, એ ખાસ બાબત છે કે તે તે ગૈરવમય છે. તે માત્ર વોરશીપ નથી. તે ૨૧મી સદીના ભારતના કઠિન પરિશ્રમ, કુશળતા અને કર્મઠતાનો પુરાવો છે. આજે ભારત એ દેશોની યાદીમાં સામેલ થયો છે, જે પોતાની ટેકનીકથી આવું મોટું જહાજ બનાવી શકે છે. આજે વિક્રાંતે ભારતીયોને નવા ભરોસોથી ભરી દીધા છે.ઈન્ડિયન નેવીને શુક્રવારે નવો નેવીનો ધ્વજ મળ્યો છે. તેમાં પહેલા ક્રોસનું નિશાન હતું. તેને હટાવી દેવામાં આવ્યું છે. હવે ડાબી તરફ તિરંગો અને જમણી તરફ અશોક ચક્રનું ચિહ્ન છે. તેની નીચે લખવામાં આવ્યું છે- શં નો વરુણઃ એટલે કે વરુણ આપણા માટે શુભ રહે. ૩૧ જાન્યુઆરી ૧૯૯૭ના રોજ નેવીમાંથી આઈએનએસ વિક્રાતને રિટાયર્ડ કરવામાં આવ્યું હતું. હવે લગભગ ૨૫ વર્ષ પછી એક વખત ફરીથી આઈએનએસ વિક્રાંતનો પુનઃજન્મ થયો છે. ૧૯૭૧ના યુદ્ધમાં વિક્રાંતે તેના સીહોક ફાઈટર વિમાનોથી બાંગ્લાદેશના ચિટગાંવ, કોક્સ બજાર અને ખુલનામાં દુશ્મનના ઠેકાણાઓનો નાશ કર્યો હતો.આઈએનએસ વિક્રાંત દેશમાં બનેલું સૌથી મોટું યુદ્ધ જહાજ છે. આ એરક્રાફ્ટ કેરિયર ૨૦ મિગ-૨૯ ફાઈટર જેટ્સને લઈ જવામાં સક્ષમ છે. તેનો ખર્ચ લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયા છે. ૧૯૭૧ના યુદ્ધમાં આઈએનએસ વિક્રાંતે તેના સિહોક ફાઈટર વિમાનોથી બાંગ્લાદેશના ચિટગામ, કોક્સ બજાર અને ખુલનામાં દુશ્મનના ઠેકાણાઓનો નાશ કર્યો હતો.

વિક્રાંત ૪૦ હજાર ટન વજનવાળું વિમાન વાહક જહાજ છે. વિશ્વમાં માત્ર અમેરિકા, રશિયા, બ્રિટન અને ફ્રાન્સની પાસે જ ૪૦ હજાર અને એનાથી વધુ વજનવાળું વિમાનવાહક જહાજનું નિર્માણ કરવાની ક્ષમતા છે. વિક્રાંત ૨૦ મિગ-૨૯ લડાકુ વિમાન અને દસ હેલિકોપ્ટરને લઈ જવામાં સક્ષમ છે. ૨૦૧૭માં આઈએનએસ વિરાટના રિટાયર્ડ થયા પછી ભારતની પાસે માત્ર એક જ વિમાન વાહક જહાજ આઈએનએસ વિક્રમાદિત્ય છે.

વિક્રાંતમાં ૨૩૦૦ કમ્પાર્ટમેન્ટ સાથે ૧૪ ડેક છે જે લગભગ ૧૫૦૦ જવાનોને લઈ જઈ શકે છે અને તેમના ભોજનની જરૂરિયાતને પૂરી કરવા માટે તેની રસોઈમાં લગભગ ૧૦,૦૦૦ રોટી બનાવી શકાય છે. આ યુદ્ધ જહાજમાં ૮૮ મેગાવોટ વિજળીની ચાર ગેસ ટર્બાઈન લાગેલા છે. તેની વધુમાં વધુ ગતિ ૨૮ (નોટ) સમુદ્રી માઈલ છે. તે ૨૦,૦૦૦ કરોડના ખર્ચે બનેલું છે. આ સમગ્ર પ્રોજેક્ટ રક્ષા મંત્રાલય અને સીએસએલ વચ્ચે ડીલના ત્રણ તબક્કામાં આગળ વધ્યો છે. જે મે ૨૦૦૭, ડિસેમ્બર ૨૦૧૪ અને ઓક્ટોબર ૨૦૧૯માં પૂરો થયો છે. તે આત્મનિર્ભર ભારતનું આદર્શ ઉદાહરણ છે. જે મેક ઈન ઈન્ડિયા પહેલ પર ભાર મૂકે છે.

## ગુજરાતમાં ડબલ એન્જીન સરકાર છે પરંતુ અહી તો તમામ એન્જીન જ બંધ ગયા છે : કેજરીવાલ

### દિલ્હીના સીએમ અરવિંદ કેજીરીવાલે ભગવાન દ્વારકાધીશની જય બોલાવી પોતાના ભાષણની શરૂઆત કરી

(એ.આર.એલ),પોરબંદર,તા.૨

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજથી બે દિવસીય ગુજરાતની મુલાકાતે છે. બે દિવસીય મુલાકાતને લઈને તેઓ આજે ચાર્ટર પ્લેન મારફતે પોરબંદર એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતાં અને એરપોર્ટથી દ્વારકા જવા રવાના થયા હતાં. અહીં તેઓએ ખેડૂતોના દેવા, વીજળી, એમએસપી પર વિચારણા કરી હતી

એરપોર્ટ ખાતે દ્વારકા મંદિરના બ્રાહ્મણો તથા આપના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા મુખ્યમંત્રીનુ સ્વાગત કરવામા આવ્યું હતુ. દ્વારકા જતા પહેલા મુખ્યમંત્રી કેજરીવાલે પત્રકારો સાથે વાતચીત કરી હતી તેમણે કહ્યું હતું કે ખેડૂતોને પાકના પુરતા ભાવ ન મળવા તેમજ પુરતી વિજળી ન મળવાની સમસ્યા તેમજ ખેડૂતોની જમીનની સર્વેની કામગીરી થઈ છે તે પણ ખોટો છે જેથી ખેડૂતો પરેશાન છે.

મુખ્યમંત્રી કેજરીવાલે માછીમારોના પ્રશ્નો મુદ્દે પણ વાત કરતા જણાવ્યું હતું કે, માછીમાર આગેવાનો દિલ્હીમાં પણ અમોને મળવા આવ્યા હતા અને તેઓની જે સમસ્યા છે કે માછીમારો વખતે ભુલથી તેઓ પાકિસ્તાન તરફ વહી જતા હોવાથી આજે ૬૦૦થી વધુ માછીમારો પાકિસ્તાનમાં કેદ છે. જેથી આ માછીમારોને મુક્ત કરવા મુદ્દે પણ અમો કેન્દ્ર સરકારને રજુઆત કરીશું.પોરબંદદ એરપોર્ટ પર હાલમાં એકપણ ફ્લાઈટ કાર્યરત્ ન હોવાના પ્રશ્ન અંગે કેજરીવાલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે,આ ફ્લાઈટો શા માટે બંધ થઈ છે કહેવાય છે કે ગુજરાતમાં ડબલ એન્જીન સરકાર છે પરંતુ અહી તો તમામ



એન્જીન જ બંધ ગયા છે તેથી અમોને વોટ આપો અમે બધા એન્જીન શરુ કરી દેશું.દિલ્હીના સીએમ અરવિંદ કેજીરીવાલે ભગવાન દ્વારકાધીશની જય બોલાવી પોતાના ભાષણની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે જણાવ્યું કે, રાજ્યમાં જેટલી પણ પરીક્ષાના પેપરો ફૂટ્યા છે તેની તપાસ કરાવીશું. ૨૦૧૫ પછી જેટલા પેપર ફૂટ્યું છે તેના જવાબદારને જેલમાં મોકલીશું. ૧૮ વર્ષ કરતા મોટી ઉંમરના મહિલાઓને દર મહિને ૧૦૦૦ રૂપિયા આપીશું. કેજરીવાલે ખેડૂતોને ગેરંટીઓ આપી હતી તેમાં કહ્યું હતું કે ખેડૂતોના ઉત્પાદન એમએસપી મુજબ ખરીદી કરવામાં આવશે. ૫ જણસી ખરીદી કરીશું. જેમાં ઘઉં, ચોખા, મગફળી, ચણા સામેલ છે અને ખેડૂતોને દિવસે ૧૨ કલાક વીજળી આપીશું.(૩) ખેડૂતોની જમીન માપણીનો સર્વે રદ્દ કરી, ખેડૂતોની હાજરીમાં સર્વે ફરી કરવામાં આવશે.,ખેડૂતોને પાક નુકસાન થાય તો પ્રતિ એકર ૨૦ હજાર આપશે. (૫) નર્મદા નદી અને ડેમ વિસ્તારમાં ખેડૂતોને પાણી આપવામાં આવશે.મહત્વનું છે કે, કેજરીવાલે અત્યાર સુધીમાં ગુજરાત માટે અનેક ‘ગેરંટી‘ઓ જાહેર કરી છે, જેમાં દર મહિને ૩૦૦ યુનિટ સુધીની મફત વીજળી, રૂ. ૩,૦૦૦નું બેરોજગારી ભથ્થું, ૧૦ લાખ સરકારી નોકરીઓ, બધા માટે મફત અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ અને સરકારી શાળાઓમાં મફત શિક્ષણ અને મહિલાઓ માટે ૧,૦૦૦નું ભથ્થું સામેલ છે.કેજરીવાલે જણાવ્યું હતું કે, ખાણી-પીણી પર ટેક્સ લગાવ્યા બાદ હવે તો તેઓ ગરબામાં પણ ટેક્સ લગાવી દીધો. અંગ્રેજોએ પણ ક્યારેય ખાણી-પીણી પર ક્યારેય ટેક્સ નહોતો નાખ્યો. ટેક્સના રૂપિયા અરબો કરતા પણ વધુ આવક છે. આ રૂપિયા કરોડપતિ દોસ્તોના કરજો માફ કર્યો. ૧૦ લાખ કરોડનો કરજો માફ કર્યો. કેજરીવાલે જનતાને પુછીને જણાવ્યું કે, ખેડૂતોનો કરજો માફ થવો જોઈએ કે ઉદ્યોગપતિઓનો કરજો માફ કરવો જોઈએ?

તેમણે ઉમેર્યું કે, દિલ્હીમાં પણ ૨૦-૨૦ કરોડ આપી એમએલએ ખરીદી કરવા આવ્યા હતા. પરંતુ તેઓ સફળ ન થયા. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારી કરોડો રૂપિયાના ખર્ચે એમએલએની ખરીદી કરી રહ્યા છે. પોલીસનો ગ્રેડ પે ઉપડ્યા બાદ સરકારે જાહેરાત કરવી પડી. અમને દિલ્હીમાં આંગણવાડી વર્કર, હોમગાર્ડ, એરફોર્સ, ૧૦૮ વર્કર સહિતના કર્મચારીઓ લખીને મોકલે છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો કે, ખેડૂતો દેવામાં દબાયા છે અને પોષણક્ષમ ભાવ નથી મળતા. પોરબંદરના એરપોર્ટની તમામ ફ્લાઈટ બંધના મુદ્દે કેજરીવાલે કહ્યું ડબલ એન્જીનવાળી વાળી સરકારમાં બધું બંધ, અમારી સરકાર આવશે તો બધા એન્જીન ચાલુ થશે.

## પંજાબમાં હવે વૃદ્ધોને પોતાનુ ઘર મળશે, વૃદ્ધાશ્રમ ૨૫ વડીલોથી લઈને ૧૫૦ વડીલોની સંભાળ લઈ શકશે.

ચંદીગઢ,તા.૨

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની આગેવાની હેઠળની સરકાર વૃદ્ધોની ભલાઈ માટે સતત પ્રયત્નશીલ છે. આ કડી હેઠળ ભટિંડા, ફતેહગઢ સાહિબ, જલંધર, કપૂરથલા, પટિયાલા, તરનતારન, ગુરદાસપુર, શહીદ ભગતસિંહ નગર, એસએએસ નગર અને મલેરકોટલા જિલ્લામાં વૃદ્ધાશ્રમ ખોલવા જઈ રહી છે. આ અંગે સામાજિક સુરક્ષા, મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ.બલજીત કૌરે માહિતી આપી.આ અંગે માહિતી આપતાં સામાજિક સુરક્ષા, મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. બલજીત કૌરે જણાવ્યુ હતુ કે રાજ્ય સરકારના ધ્યાન પર આવ્યુ છે કે રાજ્યમાં વૃદ્ધાશ્રમોની જરૂરિયાત છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્યમાં વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમ ખોલવાની દરખાસ્ત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ વૃદ્ધાશ્રમ સરકાર દ્વારા બિન-સરકારી સંસ્થાઓ/ટ્રસ્ટ/રેડ ક્રોસ સોસાયટીઓને નાણાકીય સહાય આપીને ચલાવવામાં આવશે. તેમણે જણાવ્યુ કે આ વૃદ્ધાશ્રમ ૨૫ વડીલોથી લઈને ૧૫૦ વડીલોની સંભાળ લઈ શકશે. આ વૃદ્ધાશ્રમો અંગે વિભાગ દ્વારા ખૂબ જ ઝડપથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. અગાઉ સામાજિક સુરક્ષા-મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. બલજીત કૌરે કહ્યુ હતુ કે પંજાબની માન સરકાર આ મહિને રાષ્ટ્રીય પોષણ મહિનો ઉજવશે. ડૉ. બલજીત કૌરે કહ્યુ કે મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વમાં અમારી સરકાર બાળકો અને મહિલાઓના કલ્યાણ માટે સતત કામ કરી રહી છે. અમે ૧લી સપ્ટેમ્બર ૨૦૨૨થી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી રાષ્ટ્રીય પોષણ મહિનો ઉજવીશુ. ડૉ. બલજીત કૌરે કહ્યુ કે આ પોષણ માસ અને પખવાડિયુ દર વર્ષે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તમામ સંલગ્ન મંત્રાલયો/વિભાગોની ભાગીદારી સાથે ઉજવવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યુ કે રાષ્ટ્રીય પોષણ માસ દરમિયાન મહિલાઓ અને તેમના સ્વાસ્થ્ય, બાળ અને પોષણ શિક્ષણ, લિંગ સંવેદનશીલ જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન, મહિલાઓ અને બાળકો માટે પરંપરાગત ખોરાક સંબંધિત વિષયો પર પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

## ઝારખંડમાં અત્યાર સુધી ફકત એક જ મુખ્યમંત્રી પોતાનો કાર્યકાળ પુરો કરી ચુકયા છે.

રાંચી,તા.૨

ઝારખંડમાં જારી રાજકીય સંકટ વચ્ચે એવા અહેવાલો આવી રહ્યાં છે કે મુખ્યમંત્રી હેમંત સોરેન ગમે ત્યારે રાજીનામુ આપી શકે છે.જો કે ઝારખડના ૨૨ વર્ષના ઈતિહાસમાં અત્યાર સુધી ફક્ત એક જ મુખ્યમંત્રી પોતાનો કાર્યકાળ પુરો કરી ચુકયા છે. બિહારથી અલગ થઈ અત્યાર સુધી ફક્ત ભાજપના રઘુવર દાસ મુખ્યમંત્રી તરીકે પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પુરો કરી શકયા છે.ઝારખંડની રચના ૧૫ નવેમ્બર ૨૦૦૦ના રોજ થઈ હતી પ્રદેશમાં પહેલી સરકાર ભાજપે બનાવી હતી અને બાબુલાલ મરાંડી ઝારખંડના પહેલા મુખ્યમંત્રી બન્યા હતાં પાર્ટીની આંતરિક લડાઈને કારણે તેમનો કાર્યકાળ ૧૫ નવેમ્બર ૨૦૦૦થી શરૂ થઈ ૧૭ માર્ચ ૨૦૦૩ના રોજ સમાપ્ત થયો હતો આ રીતે ઝારખંડના પ્રથમ મુખ્યમંત્રી ફક્ત બે વર્ષ અને ૧૨૩ દિવસ શાસન ચલાવી શકયા હતાં.ભાજપે ૧૮ માર્ચ ૨૦૦૩ના રોજ સત્તાની ચાવી અર્જૂન મુંડાને સોંપી બાકીનો કાર્યકાળ મુંડાએ સંભાળ્યો ૨૦૦૫માં વિધાનસભા ચુંટણી થઈ અને ભાજપ સત્તાની બહાર થઈ ગઈ આ રીતે ઝારખંડની શરૂઆતમાં બે મુખ્યમંત્રી રહ્યાં આગામી પાંચ વર્ષમાં ત્રણ નેતાઓએ કુલ ચાર વાર મુખ્યમંત્રી પદની સોગંદ લીધા અને ૩૪૫ દિવસ માટે રાષ્ટ્રપતિ શાસન પણ લાગ્યું હતું ૨૦૦૫ની વિધાનસભા ચુંટણીમાં ભાજપને બહુમતિ ન મળી ઝારખંડ મુક્તિ મોરચાના શિબુ સોરેને મુખ્યમંત્રી પદ પર દાવો ઠોંકયો ૨ માર્ચ ૨૦૦૫ના રોજ તેમણે શપથ લીધા અને ૧૦ દિવસ બાદ ૧૨ માર્ચ ૨૦૦૫ના રોજ બહુમતિ સાબિત ન કરી શકવાને કારણે ખુરશી છોડવી પડી હતી આ રીતે ઝારખંડના ત્રીજા મુખ્યમંત્રી માત્ર ૧૦ દિવસ ખુરશી સંભાળી શકયા હતાં.એકવાર ફરી ભાજપમાંથી અર્જૂન મુંડાએ મુખ્યમંત્રી પદના શપથ લીધા પ્રદેશના ચોથા મુખ્યમંત્રી તરીકેનો તેમનો કાર્યકાળ ૧૨ માર્ચ ૨૦૦૫ના રોજ શરૂ થયો અને એક વર્ષ ૧૯૧ દિવસ બાદ ૧૯ સ્ટેમ્બર ૨૦૦૬ના રોજ સરકાર પડી ગઈ ત્યારબાદ ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૦૬ના રોજ મધુકોડાએ ઝારખંડના પાંચમા મુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા જો કે તેમને કાર્યકાળ વચ્ચેમાં જ ૨૭ ઓગષ્ટ ૨૦૦૮ના રોજ છોડવો પડયો હતો આ રીતે મધુકોડા એક વર્ષ ૩૪૬ દિવસ મુખ્યમંત્રી તરીકે રહ્યાં હતાં.૨૭ ઓગષ્ટ ૨૦૦૮ના રોજ શિબુ સોરેને બીજીવાર મુખ્યમંત્રી પદના શપથ લીધા પરંતુ ૧૪૫ દિવસ બાદ ૧૯ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ તેમની સરકાર તુટી પડી ત્યારબાદ કોઈની સરકાર બની નહી અને ૧૯ જાન્યુઆરી ૨૦૦૯થી ૩૦ ડિસેમ્બર ૨૦૦૯ સુધી પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું.

## દેશમાં ડિજિટલ નાણાકીય વ્યવહાર રૂપિયા ૧૦.૭૩ લાખ કરોડ

નવીદિલ્હી,તા.૨

દેશમાં હવે લોકો ડિજિટલ નાણાકીય વ્યવહારમાં ખૂબ જ રસ લઈ રહ્યા છે અને યુપીઆઈ નો દર વર્ષે બહોળા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે અને ઓગસ્ટ માસમાં રૂપિયા ૧૦.૭૩ લાખ કરોડ ના વ્યવહાર કરવામાં આવ્યા હતા.સત્તાવાર અહેવાલમાં જણાવ્યા મુજબ ઓગસ્ટ માસમાં દેશમાં ૬.૫ અબજ નાણાકીય લેનદેન થયા હતા. આમ દેશમાં દર વર્ષે ડિજિટલ નાણાકીય વ્યવહાર વિસ્તૃત થઈ રહ્યો છે અને લોકો સુરક્ષિત રીતે નાણાકીય વ્યવહાર કરી રહ્યા છે.યુપીઆઈના પ્લેટફોર્મ પર ઓગસ્ટ માસમાં જે વ્યવહારો થયા છે તેની આંકડાકીય માહિતી ભારતીય રાષ્ટ્રીય પેમેન્ટ નિગમ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે અને પ્રતિ માસ તેના આંકડા એકત્ર કરવામાં આવે છે.પાછલા મહીને પણ યુ પી આઈ એ સૌથી વધુ સારો દેખાવ કર્યો હતો અને રૂપિયા ૬ અબજ ના લેનદેન કરવામાં આવ્યા હતા જે ૨૦૧૬માં યુપીઆઈની સ્થાપ્રા પછીના સૌથી મોટા વ્યવહારો ગણાયા હતા પરંતુ ઓગષ્ટ બાદમાં તેનાથી પણ ઘણા વધુ વ્યવહારો આકાર લઈ ગયા છે અને લોકોને ડિજિટલ નાણાકીય વ્યવહારમાં ખૂબ જ સુગમતા પડી રહી છે અને આગામી સમયમાં પણ તેમાં ખૂબ જ વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે કારણ કે લોકોનો વિશ્વાસ તેમાં અકબંધ છે.

## દેશમાં એક જ વર્ષમાં રાષ્ટ્રદ્રોહના ૫૧૬૪ કેસઃ ઉત્તરપ્રદેશ ૧૮૬૨ કેસ સાથે મોખરે

નવીદિલ્હી, તા.૨

૨૦૨૧માં દેશની અંદર રાષ્ટ્રદ્રોહના ૫૧૬૪ કેસ કરવામાં આવ્યા હોવાનું નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ ૫૧૬૪ કેસોમાં રાજદ્રોહ ઉપરાંત ઑફિશિયલ સિક્રેટસ એક્ટ અને ગેરકાયદેસર પ્રવૃત્તિ (પ્રિવેન્શન) એક્ટના કેસ સામેલ છે. આ આંકડા પરથી એવું તારણ નીકળી રહ્યું છે કે પાછલા વર્ષે દરરોજ સરેરાશ ૧૪ કેસો રાષ્ટ્રદ્રોહના નોંધાઈ રહ્યા છે.

જો કે રાહતની વાત એ પણ રહેવા પામી છે કે ૨૦૧૯ અને ૨૦૨૦ની તુલનાએ ૨૦૨૧માં કેસમાં ઘટાડો નોંધાયો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો (એનસીઆરબી)ના ક્રાઈમ ઈન ઈન્ડિયા-૨૦૨૧ અહેવાલમાં ૨૦૨૦ અને ૨૦૧૯માં અનુક્રમે ૫૬૧૩ અને ૭૫૫૬ કેસ નોંધાયા હતા. ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો ગૃહ મંત્રાલય અંતર્ગત આવતો વિભાગ .બીજી બાજુ નવા ૫૧૬૪ કેસ ઉપરાંત ૮૬૦૦ કેસ એવા છે જેની તપાસ ગયા વર્ષથી ચાલી આવે છે. આ ઉપરાંત ત્રણ કેસ તપાસ માટે ખોલાયા હતા. આ સાથે ૨૦૨૧માં તપાસ બાકી હોય એવા કેસની સંખ્યા ૧૩૭૬૭ થઈ હતી. ગયા વર્ષે આવા કુલ કેસમાંથી ૭૯.૨% કેસ ’ધ પ્રિવેન્શન ઑફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ’ના નોંધાયા છે જેની સંખ્યા ૪૦૮૯ છે.

આ ઉપરાંત ૮૧૪ કેસ ગેરકાયદે પ્રવૃત્ત્ત નિયંત્રણની કલમો હેઠળ નોંધાયા છે. રાજ્યવાઈઝ વાત કરવામાં આવે તો રાષ્ટ્ર વિરુદ્ધ અપરાધની વ્યાપક કેટેગરી હેઠળ ઉત્તર પ્રદેશમાં એક જ વર્ષમાં ૧૮૬૨ કેસ નોંધાયા છે.

## તંત્રી સ્થાનેથી...

# ઉત્સાહજનક આંકડા

ભારતમાં આર્થિક વિકાસના જે આંકડા આવ્યા છે તે ઉત્સાહજનક અને પ્રશંસનીય છે. આંકડા અનુસાર ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં ભારતનો જીડીપી ૧૩.૫ ટકાની ગતિથી વધ્યો છે. જે અર્થશાસ્ત્રી ભારત અને ભારતીય અર્થવ્યવસ્થા પર વિશ્વાસ મૂકી રહ્યા હતા, તેમને એનાથી બળ મળશે. હવે એક રીતે એટલું તો નક્કી થઈ ગયું છે કે આ નાણાંકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ દર કમ સે કમ બે આંકડામાં તો ચોક્કસ રહેશે. અનેક એજન્સીઓએ પહેલા ત્રિમાસિકમાં લગભગ ૧૩ ટકાના વિકાસ દરનું અનુમાન લગાવ્યું હતું. જોકે ભારતીય સ્ટેટ બેંકે પોતાના રિપોર્ટમાં ૧૫.૭ ટકાના વૃદ્ધિ દરનું અનુમાન કર્યું હતું. એક અનુમાન બીજું પણ હતું, જેમાં ઓગસ્ટની શરૂઆતમાં ભારતીય રિઝર્વ બેંકે કહ્યું હતું કે ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં સકલ ઘરેલુ ઉત્પાદનની વૃદ્ધિ લગભગ ૧૬.૨ ટકા રહેવાની સંભાવના છે. આવાં બહેતરીન અનુમાન જો સાકાર ન થઈ શક્યાં તો તેનાં કારણો પર ગંભીરતાથી કામ કરવું જોઈએ.

અનેક દેશોમાં મંદીએ ડગ માંડી દીધાં છે, ત્યાં સુધી કે ચીનમાં પણ એપ્રિલ-જૂન ૨૦૨૨માં ૦.૪ ટકાનો આર્થિક વિકાસ નોંધાયો છે. એવામાં ભારતીય વિકાસની ગતિ ઘણા બધાને આશ્ચર્યમાં નાખી શકે છે, પરંતુ એ સાચું કે કોરોનાથી લાંબા સમય સુધી ગ્રસ્ત રહેલો દેશ આ નાણાંકીય વર્ષમાં બુનિયાદી તેજી પકડવા તરફ અગ્રસર છે. નિશ્ચિતપણે આપણો વિકાસ હજુ પણ વધારે હોત, જો વૈશ્વિક મંદીની આશંકાઓ આપણને ઘેરી ન રહી હોત અને ગત દિવસોમાં રેપો રેટોમાં થોડો વધારો ન થયો હોત. તેમ છતાં ૧૩.૫ ટકાના વિકાસ દર પર પણ છાજિયાં કૂટતા લોકોએ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભારત તુલનાત્મક રૂપે વધારે યુવાન અને વિકાસની વધુ સંભાવનાઓ વાળો દેશ છે. હા એ ચોક્કસ કહી શકાય કે આપણો વિકાસ આપણી ક્ષમતા અને જરૂરિયાતને અનુરૂપ હજુ પણ નથી થઈ શકતો. હજુ પણ જે વિકાસ થઈ રહ્યો છે તેમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા સૌથી વધારે છે. ગત એપ્રિલ-જૂનમાં ખાનગી રોકાણ એક વર્ષ પહેલાંની તુલનામાં ૨૦.૧ ટકા વધ્યું છે, જ્યારે સરકારી ખર્ચમાં ૧.૩ ટકાનો વધારો થયો છે. ભારતીય અર્થવ્યવસ્થામાં સુધાર માટે વધુ પારદર્શિતા, સરળતા, રોકાણની જરૂર છે. છતાં આપણે કહી શકીએ કે દેશે આપદામાં અવસર શોધવાનું શરૂ કરી દીધું છે. જોકે હજુ કોર સેક્ટરમાં સુસ્તી છે. કોર સેક્ટરનું ઉત્પાદન વધુ ગતિ નથી પકડી શક્યું અને તેનો વિકાસ દર ૪.૫ ટકા જ છે. એના પર સરકારે વધારે ધ્યાન આપવું પડશે. એ પણ ધ્યાન રાખવું પડશે કે આ ઉત્પાદનો મામલે વિદેશ પર નિર્ભરતા ઓછી થાય. આવી થોડી ખામીઓ દુરસ્ત કરી લેવાય તો વિકાસનો લાભ જન-જન સુધી પહોંચી શકશે.

# (૯) પરલી વૈદ્યનાથ જ્યોર્તિલિંગની કથા

બાર જ્યોતિર્લિંગ પૈકી વૈદ્યનાથ જ્યોતિર્લિંગ નવમા નંબરનું છે.વૈદ્યનાથ જ્યોર્તિલિંગ અંગે પુરાણોમાં એક કરતાં વધુ કથાઓનું વર્ણન છે.પરલી વૈદ્યનાથ જ્યોર્તિલિંગ મરાઠવાડામાં આવેલું છે.પરલી મહારાષ્ટ્રના બીડ જીલ્લામાં આવેલું પુરાણું નગર છે તે કાંતિપુર કે વૈજયંતિ તરીકે પણ ઓળખાય છે,તે મેરૂ કે નાગનારાયણ પર્વતના ઢોળાવ ઉપર બ્રહ્મા,વેણુ અને સરસ્વતી નદીઓના સંગમ આગળ આવેલું છે.

શીવજીનાં બાર જ્યોતિર્લીંગમાંનાં પાંચ તો એકલા મહારાષ્ટ્ર રાજ્યમાં છે એટલે અહીં જ્યોતિર્લીંગોનું ખાસ મહત્વ છે.પરલીના જ્યોતિર્લીંગનો શિવભક્ત અહલ્યાદેવી હોલ્કરે ઈ.સ.૧૭૦૬માં જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.વૈજનાથ મંદિર પત્થરનું બનેલું છે.આગળ મોટો દીપ સ્થંભ છે.ગર્ભગૃહ ઉંડું છે.પૂજા કરતી વખતે મનમાં ખાસ સ્પંદનો અનુભવે છે.તેમને અહીં આધ્યાત્મિક શક્તિ મળે છે.મંદિર ઘણું જ સરસ અને શાંત છે.ભીડ હોય ત્યારે પણ ભીડ જેવું લાગતું નથી.

વૈધનાથ એ ભારતમાં આવેલા શિવજીના બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક છે.ભારત દેશમાં પ્રભુ સ્પર્શથી પાવન થયેલ અનેક જગ્યાઓ છે.દરેક તીર્થ આપણને અલગ અલગ ભાવ સમજાવે છે તેવી જ રીતે જ્યોર્તિલિંગો પણ અલગ અલગ ભાવ સમજાવે છે.પુરાણોની કથા અનુસાર સમુદ્રમંથનથી નીકળેલ અમૃત ઉપર દેવો અને દાનવોનો સરખો હિસ્સો હતો પરંતુ દેવોના વૈદ્ય ધન્વંતરી આ લિંગના સહારે આ જગ્યાએ છુપાઈ ગયા તેથી દેવતાઓને વિજય મળ્યો એટલે આ જ્યોર્તિલિંગને 'વૈદ્યનાથ' કહે છે.અહીંનાં જળવાયુથી કોઢ રક્તપિત્ત વગેરે રોગ મટી જાય છે તેથી યાત્રિકો દૂર દૂરથી કાવડમાં જળ લાવીને વૈદ્યનાથ પર ચઢાવે છે તેથી તે વૈદ્યનાથ તરીકે ઓળખાય છે.



પુરાતન સમયમાં ખાઓ પીવો અને મજા કરો..એવી વૃત્તિના લોકો વધ્યા તથા લોકોમાં નૈરાશ્યવૃત્તિના લીધે સમાજમાંથી સત્કર્મો ખલાસ થયા હતા,તે સમયે મૃતંડઋષિ અને તેમની પત્ની મનસ્વિનીથી આ સહન ના થયું.સારાં કાર્યો શારીરિક માનસિક,બૌધિક,આર્થિક વગેરે જુદા જુદા રૂપે કરવાનાં હોય છે.મૃતંડઋષિ લોકોને ભેગા કરીને સત્કાર્ય થાય તે માટે સમજાવતા હતા ત્યારે લોકો કહેતા કે અરે ભાઈ..તમે જ કહો જીવન અનિશ્ચિંત છે કે નહી? અને આપણે સત્કાર્ય કરવા લાગીએ અને પુરૂં થાય ત્યાર પહેલાં મરી જઈએ તો કાર્ય અધુરૂ રહે અને બધી મહેનત માથે પડે..લોકોમાં આવા નકારાત્મક વિચારો કરતા.

લોકોની મનોવૃત્તિ બદલવા મૃતંડઋષિ કરતાં તેમની પત્ની મનસ્વિનીએ વધુ રસ લીધો અને વિચાર કર્યો કે ભગવાન આપણને તેજસ્વી સંતાન આપે તો આપણે હાથ પર લીધેલ કાર્ય અધુરૂ રહે તો પૂત્ર આગળ ધપાવે.ભગવાને તેમની પ્રાર્થના સાંભળી અને મોટી ઉંમરે તેમને પૂત્ર થયો તેનું નામ માર્કંડેય પાડ્યું. ''ભગવાન અને સંતોની કૃપાથી આવેલ બાળકો હંમેશાં તેજસ્વી અને ચબરાક હોય છે.'' અતિશય ચાલાક અને તેજસ્વી પૂત્રને જોઈ દંપતિને પ્રસન્નતા થઈ પરંતુ ભગવાને તેનામાં એક કચાશ રાખી હતી.તે ગત જન્મારાની સાધના પુરી કરવા થોડા સમય માટે આવ્યો હતો,તેનું આયુષ્ય અલ્પ હતું.

''વિધાતાની ગતિ અકળ છે,જે લોકોની સમાજને જરૂર હોય છે તેને ભગવાન જલ્દી ઉપાડી લે છે.'' બહુ મોટી ઉંમરે આવેલ બાળક મારો ઘડપણનો સહારો બનશે,અમોને પિંડદાન દેશે તેવો ભાવ ઋષિ દંપતિને નહોતો પરંતુ આખો સમાજ જે નિષ્કર્મણ્ય થયો છે તેને સત્કાર્ય તરફ વાળશે તેવો ભાવ હતો.માં ને પગે લાગી માર્કંડેય તપ કરવા જાય છે અને પ્રભુના નામનો જપ કરવા લાગ્યો.એક દિવસ તેને સાત જણને તત્વજ્ઞાનની ચર્ચા કરતા સાંભળ્યા,તે સપ્તર્ષિઓ હતા,તેમાં એક સ્ત્રી અરૂંધતી પણ હતી.તેઓ ચર્ચા કરતા હતા કે આ બાળક સત્કાર્ય કરશે.ઋષિઓએ માર્કંડેયને કહ્યું કે તારૂં અલ્પાયુષ્ય એ કુદરતના આધારે છે અને કુદરત નિયમો તોડતી નથી,તેના કાર્યચક્રમાં ભગવાન પણ હસ્તક્ષેપ કરતા નથી એટલે તૂં તપ છોડી ભગવાનનું કાર્ય કરવા લાગ.

એક દિવસ માર્કંડેયને વિચાર આવ્યો કે હું સમાજમાંથી મૃત્યુનો ડર કાઢી નાખું પણ લોકોમાં સદંતર મૃત્યુનો ડર ચાલ્યો જશે તો લોકો શૈતાન બનશે અને મરણથી ભયભીત રહેશે તો દુર્બળ રહેશે.તેને સપ્તર્ષિઓને પુછ્યું કે મારા જીવનમાં મૃત્યુ વિશે મોટો કોયડો છે આપ મને માર્ગદર્શન આપો ત્યારે ઋષિઓએ કહ્યું કે મૃત્યુ એ જીવનનું અટલ સત્ય છે.મૃત્યુ તરફ જોવાનો દરેકનો સ્વચ્છ,નિર્મળ,વાસ્તવવાદી દ્રષ્ટિકોણ કેમ થાય તે તારે જોવાનું છે.લોકોને તૂં એમ કહીશ કે સત્કર્મ કરવા લાગો તમોને મૃત્યુ નડશે નહી તો એ વાત લોકોના મગજમાં નહી ઉતરે કારણ કે સામાન્ય રીતે બે કારણોથી લોકો મૃત્યુથી ડરે છે.. જીવનમાં કાંઈ કાર્ય કર્યું નથી હોતું તેથી મૃત્યુનો ડર હોય છે અને જે સ્થળે જવાનું છે તે સ્થળની જાણકારી નથી તેથી ડરે છે.

સપ્તર્ષિઓએ કહ્યું કે લોકો પાસે તૂં સત્કર્મ કરાવ તેથી કાંઈ કર્યું નથી અને ઉપર જઈને શું જવાબ આપીશું તે ડર નીકળી જશે અને જે સ્થળે જવાનું છે તે પ્રભુનું ઘર છે તેના દર્શન કરાવ અને ભક્તિ કરાવ. કર્મયોગ,જ્ઞાન અને ભક્તિ સમજશે એટલે મૃત્યુનો ડર નીકળી જશે.સત્કર્મો કરતાં કરતાં એક દિવસ તે થાકીને હતાશ થઈ બેઠો હતો કેમકે તે મૃત્યુનો દિવસ હતો. ''જે પ્રભુનું કાર્ય કરે છે તેને પ્રભુ સંભાળે છે.'' મૃત્યુ જેમ જેમ તેની પાસે આવતું ગયું તેમ તેમ ભગવાન શિવજી માર્કંડેય પાસે આવ્યા અને ભગવાનના આશ્રયે બેઠેલા માર્કંડેયને મારવાની મૃત્યુની તાકાત ના ચાલી.તે જગ્યાએ ભગવાન શિવજીએ માર્કંડેયને દર્શન આપ્યા તે સ્થળ એટલે પરલ્યાં વૈદ્યનાથ જ્યોર્તિલિંગ.ભગવાને આર્શિવાદ આપ્યા કે ''તારા જીવનમાં વિફળતા નહી મળે,હંમેશાં સફળતા જ મળશે,તૂં જે જે ઈચ્છા કરીશ તે પુરી થશે અને તારામાં ક્યારેય અહંકાર નહી આવે.''

બીજી કથા એવી છે કે એકવાર રાવણની માતા કૈકસી રાવણને કહે છે તારી પાસે ત્રૈલોક્ય વૈભવ છે પણ તે કાયમી રહેવાનો નથી.તારી સોનાની લંકામાં જો પ્રભુ ભક્તિના વૈભવનો આનંદ હશે તો તે કાયમી રહેશે અને તે માટે રાવણે કૈલાશ જઈ તપશ્ચર્યા કરી.એવું વર્ણન છે કે રાવણે ભગવાન શિવને એક એક માથું કાપીને ચઢાવ્યું.તેને દશ માથા હતા તે શંકા ઉપજાવે છે.અત્યારના રાજકારણીઓને પણ દશ મોંઢા હોય છે.સવારે બોલે કંઈક અને સાંજે કરે કંઈક.સાંજે બોલ્યો હોય તે સવારે ફેરવી તોળશે..

રાવણનું એક એક માથું કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સરથી ભરેલું હતું.બીજા ત્રણ માથાં એટલે દારેષણા,વિત્તેષણા અને પૂત્રેષણા.આ નવ માથા કાપીને ભગવાનને ચરણે ધર્યા.જ્યારે તે પોતાનું દસમું માથું કાપવા જઈ રહ્યો હતો ત્યારે ભગવાન શિવ પ્રગટ થયા અને રાવણને વરદાન માંગવાનું કહ્યું ત્યારે રાવણે કહ્યું કે મને ફક્ત તમારૂં આત્મલિંગ આપો મારે તેને લંકામાં લઈ જવું છે.શિવજીએ શરત મુકી કે હું આત્મલિંગ આપું પણ એક વાત ધ્યાનમાં રાખજે એને તૂં રસ્તામાં કોઈ જગ્યાએ મુકતો નહી,નહી તો હું ત્યાં જ સ્થિર થઈ જઈશ.શિવલિંગ લઈ રાવણ લંકા તરફ જઈ રહ્યો હતો ત્યારે દેવોએ સભા બોલાવી કે શિવજી તો ભોળા છે કોઈ અસુર તપ કરે એટલે તે માંગે તે આપે છે.રાવણે સંસ્કૃતિનો સત્યાનાશ કર્યો છે. ભગવાનનું લિંગ તે લંકામાં લઈ જશે એટલે તે બધાનો બાપ થઈને જગતમાંથી ભક્તિ અને ભગવાનના વિચારો ખલાસ કરશે એટલે ગમે તે રીતે તેને અટકાવવો પડશે.બળથી તો રાવણને હરાવી શકાય તેમ ન હતો તેથી દેવોએ બુદ્ધિ અને જ્ઞાનના દેવ ગણેશજીને આ કાર્ય સોપ્યું.

રાવણમાં અહંકારનો દોષ હતો.ગણપતિ નાના બાળક બની તેને સામે મળે છે અને પુછે છે કે તમે એકલા ક્યાં જાઓ છો અને તમારા હાથમાં આ કાળો પત્થર શેનો છે? રાવણ કહે છે કે ચૂપ..આને પત્થર ના કહેવાય.તપ કરીને હું ભગવાનને લઈ આવ્યો છું તેમાં ભગવાનનું ચૈતન્ય ભરેલું છે.ગણપતિ કહે છે કે મને શંકા થાય છે કે આમાં ભગવાન છે કે નહી? આમ કહી રાવણનો અહંકાર જાગૃત કર્યો અને રાવણના વખાણ કરવાના શરૂ કર્યા અને ''જો કોઈને પાડવો હોય તો ખોટા વખાણ કરો.'' હું જ્યાં જાઉં છું ત્યાં ચારેબાજુ તમારી જ વાતો થાય છે એટલે તમને મળવાની બહુ ઈચ્છા હતી તેથી તમારા દર્શન કરવા આવ્યો છું.

રાવણને મળમૂત્ર ત્યાગ કરવાનું મન થયું એટલે બાળક ગણપતિને શિવલિંગ હાથમાં આપ્યું અને કહ્યું કે હું આવું ત્યાંસુધી શિવલિંગ પકડી રાખ તેને જમીન ઉપર મુકતો નહી.બાળક ગણેશે કહ્યું કે તમે જલ્દી આવજો હું નાનો બાળક છું અને આ શિવલિંગ વજનદાર છે એટલે મને ભાર લાગશે તો ત્રણવાર તમોને બોલાવવા હાંક મારીશ અને છતાં તમે નહી આવો તો હું નીચે મુકી દઈશ.ઘણા સમય બાદ રાવણના હાથ છુટા થયા એટલે શૌચક્રિયા પરવારી તે કુદરતી વાતાવરણમાં ફરવા લાગ્યો ત્યાં જ તેને એક સુંદર સ્ત્રીને જોઈ.તે સ્ત્રીસૌદર્યનો શિકારી હતો અને તે જ તેની નબળાઈ હતી.તેના રાણીવાસમાં અનેક સ્ત્રીઓ હોવાછતાં તેને તૃપ્તિ નહોતી. ''આ પૃથ્વી પર જેટલાં ધન-ધાન્ય સુવર્ણ પશુ અને સ્ત્રીઓ છે તે તમામ કોઈ એક પુરૂષને મળી જાય તો પણ તેને સંતોષ થશે નહી. '' આમ વિચારી વિદ્વાન પુરૂષે પોતાના મનની તૃષ્?ણાને શાંત કરવી જોઈએ.આ તરફ ગણેશજીએ ત્રણવાર બુમ પાડી છતાં રાવણ તે સ્ત્રીમાં એટલો મશગુલ અને આસક્ત હતો કે તેને કંઈ સંભળાતું નથી.રાવણ ના આવ્યો એટલે ગણેશજીએ શિવલિંગ નીચે મુકી દીધું તે સ્થળ એટલે 'પરલ્યાં વૈદ્યનાથ જ્યર્તિલિંગ.' જે સ્થળે માર્કંડેયની મહાન તપશ્ચર્યાથી ભગવાન શિવ પ્રત્યક્ષ મળ્યા હતા તે જ સ્થળે પાછી આ ઘટના બની અને ગણેશજીએ શિવલીંગની સ્થાપના કરી છે.

થોડીવાર પછી રાવણ આવ્યો અને જુવે છે તો શિવલિંગ ધરતી ઉપર મુકેલું હતું.તેને ગણેશજી ઉપર ગુસ્સો કર્યો ત્યારે ગણેશજીએ કહ્યું કે મેં ત્રણવાર બૂમ પાડી પણ તમે સ્ત્રીમાં તલ્લીન હતા.આજે પણ યુવાનોને સ્ત્રી સિવાય કશું દેખાતું નથી.આત્મશ્રેષ્ઠતા અને કામભાવનાના લીધે રાવણનું પતન થયું.આ બે ભાવો જીવનમાંથી જવા જોઈએ.પરમાત્માના લીધે મારી શ્રેષ્ઠતા છે આ ભાવ અંતઃકરણમાં હોવો જોઈએ.આ સ્થળ અતિ પવિત્ર છે,તપોભૂમિ છે ત્યાં ગયા પછી અંતઃકરણમાં અલગ જ ભાવ નિર્માણ થાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા(પંચમહાલ)
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તમામ લોકો ખરાબ નથી: બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી



કોલકાતા,તા.૨

તૃણમૂલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ નિવેદન પર 'રાજકીય વાવાઝોડું' ફાટી નીકળ્યું છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં બધા લોકો ખરાબ નથી અને તેમાં પણ ઘણા લોકો છે જે ભાજપનું સમર્થન નથી કરતા. આ નિવેદનને લઈને એક તરફ એઆઈએમઆઈએમ, કોંગ્રેસ અને સીપીઆઈએમએ મમતા પર નિશાન સાધતા તેને તેમનો તકવાદ ગણાવ્યો છે, તો બીજી તરફ ભાજપે કહ્યું છે કે આરએસએસને મમતાના સર્ટિફિકેટની જરૂર નથી. આ વખાણ પર ટિપ્પણી કરવાને બદલે, આરએસએસએ બંગાળમાં રાજકીય હિંસાના રેકોર્ડ તરફ ધ્યાન દોર્યું હતું અને તેને નિયંત્રિત કરવાની સલાહ આપી દીધી હતી.મમતાના નિવેદન અંગે અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે '૨૦૦૩માં પણ મમતાએ આરએસએસને દેશભક્ત કહ્યો હતો અને જવાબમાં આરએસએસએ તેમને દુર્ગા કહ્યા હતા.' જો કે, ટીએમસીએ કહ્યું હતું કે પાર્ટીએ તેમની (ઓવૈસી) સમક્ષ પોતાની બિનસાંપ્રદાયિકતા સાબિત કરવાની જરૂર નથી. વિપક્ષોએ મમતાના નિવેદન અંગે કહ્યું હતું કે ભાજપ સામેની લડાઈમાં મમતાને વિશ્વાસપાત્ર ગણી શકાય નહીં.

પશ્ચિમ બંગાળ કોંગ્રેસના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે, આ પહેલીવાર નથી જ્યારે મમતા બેનર્જીએ આરએસએસની પ્રશંસા કરી હોય. ઓવૈસીની ટિપ્પણીને પુનરાવર્તિત કરતા ચૌધરીએ કહ્યું, "મમતા બેનર્જીએ આરએસએસના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે તત્કાલીન ડાબેરી મોરચાની સરકારને તોડવા માટે તેમનો ટેકો માંગ્યો હતો. અગાઉ પણ મમતાએ આરએસએસનો આભાર વ્યક્ત કર્યો હતો, જેને ભાજપના વૈચારિક પિતા માનવામાં આવે છે.

સીપીઆઈ(એમ) એ પણ મુખ્ય પ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે તે આરએસએસ માટે દુર્ગાની ભૂમિકા ભજવી રહી છે. સીપીઆઈ એમના નેતા મોહમ્મદ સલીમે કહ્યું, આરએસએસે તેને દુર્ગા કહી અને તે આરએસએસ માટે દુર્ગાની ભૂમિકા ભજવી રહી છે."

# આ વર્ષે છેલ્લા ૮ મહિનામાં કાશ્મીરમાં ૧૪૦ આતંકવાદીઓનો સફાયો

શ્રીનગર,તા.૨

કાશ્મીરની ખીણમાંથી સુરક્ષા દળોએ આ વર્ષે અત્યાર સુધીમાં ૩૬ પાકિસ્તાની આતંકવાદીઓ સહિત ૧૪૦ આતંકીઓનો સફાયો કર્યો છે. એડીજીપી કાશ્મીર વિજયકુમારે જણાવ્યું હતું કે આ વર્ષના આઠ મહિનામાં ૧૪૦ આતંકીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. આતંકવાદ વિરોધી અભિયાન પુરી તાકાતથી ચાલુ રહેશે. તેમણે જણાવ્યું હતું કે સુરક્ષા દળોને કોઈ નુકસાન વિના ઓપરેશનમાં સફળતા મળી છે.તેમણે આડે રસ્તે ચડેલા યુવાનોને અપીલ કરી છે કે આતંકવાદનો રસ્તો છોડીને મુખ્ય ધારામાં પાછા આવે તેમણે આતંકવાદીઓના પરિવારોને પણ અપીલ કરી છે કે પોતાના સંતાનોને હિંસકનો રસ્તો છોડવાની અપીલ કરે. તેમણે જણાવ્યું હતું કે બંદૂક ઉઠાવી કોઈ સમસ્યાનો ઉકેલ નથી આવતો. તેમણે જણાવ્યું હતું કે કેટલાક લોકો યુવાનોને ભ્રમિત કરીને તેમને બંદૂક ઉઠાવવા ઉશ્કેરી રહ્યા છે.

# કોટનનો વાયદો રૂ.૧૭૦ના ભાવઘટાડા સાથે ગાંસડીદીઠ રૂ.૩૭,૮૫૦ના સ્તરે

સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાઓમાં સાર્વત્રિક સુધારોઃ નેચરલ ગેસમાં નરમાઈઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૬૯૮૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૮૮૬૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૨૩ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૯,૩૯૧ સોદાઓમાં કુલ રૂ.૧૫,૮૬૨.૭૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૬૯૭૯.૫૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૮૮૫૯.૮૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૨,૧૮૩ સોદાઓમાં કુલ રૂ.૩,૧૪૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૦૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૩૩૦ અને નીચામાં રૂ.૫૦,૦૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૧ વધી રૂ.૫૦,૨૯૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૦ વધી રૂ.૪૦,૪૦૮ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૫,૦૨૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૨૭૫ના ભાવે ખૂલી, રૂ.૧૪૪ વધી રૂ.૫૦,૩૧૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૫૧૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૫૧૯ અને નીચામાં રૂ.૫૨,૧૦૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૪૭૮ વધી રૂ.૫૨,૨૦૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૨૪૭ વધી રૂ.૫૩,૪૮૯ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૪૬ વધી રૂ.૫૩,૫૪૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૬૫૬ સોદાઓમાં રૂ.૧,૪૨૫.૭૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૫ ઘટી રૂ.૨૦૩ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૯.૧૫ ઘટી રૂ.૨૮૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૪૫ ઘટી રૂ.૬૩૧.૪૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૭૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૦૬૦ સોદાઓમાં કુલ રૂ.૨,૩૮૬.૬૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૦૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૪૮ અને નીચામાં રૂ.૭,૦૩૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૩૭ વધી રૂ.૭,૦૬૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૪૦ ઘટી રૂ.૭૨૫.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩૧૧ સોદાઓમાં રૂ.૨૦.૩૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૭,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭,૯૪૦ અને નીચામાં રૂ.૩૭,૬૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭૦ ઘટી રૂ.૩૭,૮૫૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૩૦ વધી રૂ.૯૮૯.૧૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૦૩.૩૦ કરોડનાં ૩,૧૮૯.૧૩૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૫૪૩.૫૧ કરોડનાં ૨૯૦.૫૩૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૧૪.૫૨ કરોડનાં ૧૭,૧૪,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૧૭૨ કરોડનાં ૧૬૦૬૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૨.૮૮ કરોડનાં ૩૫૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭.૪૭ કરોડનાં ૭૫.૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૧૩૭.૬૦૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૩૩૦.૫૪૯ ટન, ક્રૂડ તેલમાં ૮૫૮૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૬૧૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૩૯૯૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૮૦.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૩.૪૩ કરોડનાં ૩૪૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૬૨૦ના સ્તરે ખૂલી, ૫૭ પોઈન્ટ વધી ૧૩,૬૭૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૮૫૯.૮૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૯૩.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૦.૬૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૫૫૨.૩૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૯૩.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૬૧.૮૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૪.૯૦ અને નીચામાં રૂ.૧૪૫ રહી, અંતે રૂ.૩૩.૩૦ વધી રૂ.૧૬૦.૨૦ થયો હતો. જ્યારે સોનું સપ્ટેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૩.૫૦ અને નીચામાં રૂ.૩૧૨ રહી, અંતે રૂ.૪૩.૫૦ વધી રૂ.૩૫૬ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩.૬૦ અને નીચામાં રૂ.૨૮.૯૫ રહી, અંતે રૂ.૫.૧૦ ઘટી રૂ.૩૦.૪૫ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૨૫ અને નીચામાં રૂ.૫૭૦ રહી, અંતે રૂ.૨૭.૫૦ વધી રૂ.૫૯૨.૫૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭ ખૂલી, ઊપરમાં રૂ.૭૯ અને નીચામાં રૂ.૪૧ રહી, અંતે રૂ.૨૩.૫૦ વધી રૂ.૬૭.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૧૮.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૮.૭૦ અને નીચામાં રૂ.૨૫૧.૩૦ રહી, અંતે રૂ.૬૭.૩૦ ઘટી રૂ.૨૯૦.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૮.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૫ અને નીચામાં રૂ.૩૭.૮૦ રહી, અંતે રૂ.૫.૭૦ વધી રૂ.૪૩.૭૦ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૫ અને નીચામાં રૂ.૨૦૮ રહી, અંતે રૂ.૬૮.૫૦ ઘટી રૂ.૨૧૧.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫,૨૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૫,૨૨૦ અને નીચામાં રૂ.૫,૦૮૦ રહી, અંતે રૂ.૧૦૦.૫૦ ઘટી રૂ.૫,૦૯૦ થયો હતો. સોનું-મિનીસપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૩૪ અને નીચામાં રૂ.૪૪૦ રહી, અંતે રૂ.૭૯ ઘટી રૂ.૪૭૬ થયો હતો.

# પરફ્યુમની વેપારીની પાણીની કમાણી પાણીમાં ગઈ!!!!!

“તું કયું અતર વાપરે છે?” મેં ઓલટાઈમ ગ્રેટ રાજુ રદીને સવાલ પૂછ્યો.

“ ગિરધરભાઈ. કેમ આવો સવાલ પૂછવો પડ્યો.

“રાજુ. આજકાલ શિયાળાની કડકડતી ઠંડી, ઓમિક્રોન-ડેલ્ટા વાયરસ, સેન્સેકસના ઉછાળા/ઘટાડા, કોરોના, બુસ્ટર ડોઝ, વૈષ્ણવદેવી ધામમાં મચેલી ભગદડ- કરૂણ મોત કરતાં પણ વધુ અતરની ચર્ચા છે. એટલે મને થયું કે તું કયું અતર વાપરે છે. તે પૂછી લઉં”” મેં સ્પષ્ટતા કરી.

“હું ફોગ વાપરું છું” રાજુએ કહ્યું

“ એટલે તું ધુમ્મસનો અતર તરીકે ઉપયોગ કરે છે??” મેં પૂછ્યું

“ ગિરધરભાઈ ફોગ એક અતરની બ્રાંડ છે. તેમાં ગેસ ભરેલો હોતો નથી તેવો કંપનીનો દાવો છે. ફોગ એટલે ધુમમ્સ નહીં!! તમે કંઈ બ્રાંડનુ પરફયુમ વાપરો છો?” રાજુએ મને સવાલ પૂછ્યો.

“ રાજુ. અમારા જમાનામાં પરફયુમ એટલે હાલ ફૂસ ફૂસ કરતા સ્પ્રે મળતા નહીં. રંગીન કાચની નાનકડી શીશીમાં અતર આવતા. રૂનો પોલ લઈ એમાં અતર નાંખવાનું. અતરના ફાંસાને કાનમાં ખોસી ઘાલવાનું. એ પણ લગ્ન કે કોઈ પ્રસંગ હોય તો જ. બાકી શંખજીરાવાળા ટેલ્કમ પાવડરના ગાલ પર લપેડા કરવાના. જરૂર પડે તો શર્ટની અંદર છાંટવાનો!” મેં અમારી કહાણી સંભળાવી.

“ ગિરધરભાઈ. ઉતરી ઉત્તરપ્રદેશનું કનોજ શહેર ભારતની પરફયુમ કેપિટલ સીટી છે. કાન્યકુબ્જ રાજઘરાનાનું ઐતિહાસિક શહેર છે. ઉતર પ્રદેશના ૭૫ જિલ્લા પૈકીનો એક જિલ્લો છે. કન્નોજ અતર ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિ ધરાવે છે. હજારો વરસથી કનોજ અતરનો વ્યવસાય ફૂલ્યો ફાલ્યો છે. કેટલાક કુટુંબોની ત્રીસમી પેઢી અતરના પૈત્રૃક વ્યવસાયમાં છે.” રાજુએ ઐતિહાસિક તથ્યો રજૂ કર્યા.

“રાજુ. ઈત્ર, અતર, પરફયુમ, સેન્ટ કે સ્પ્રે કેવી રીતે બને?” મેં પૂછ્યું.

“અતર ફૂલો અને કુદરતી પદાર્થોથી બને છે. અતર બનાવવા માટે કસ્તૂરી, કપૂર અને કેસર તેમજ બીજા સુંગંધી દ્રવ્યોનો ઉપયોગ થાય છે. ઉનાળુ અંતર બનાવવા સફેદ જૂઈના ફૂલ અને વેટીવર છોડનો ઉપયોગ કરવામાં આવે છે. ચોમાસું ઉત્પાદનો માટે મીટી વાપરવાનાં આવે છે. હીના અને કસ્તૂરી શિયાળુ ઉત્પાદન માટે વાપરવામાં આવે છે. કુદરતી અતર કેમિકલ અને દારૂથી મુક્ત હોય છે. ગુલાબના અતરની સુગંધ ચંદનના અતર કરતાં ઓછી રહે છે. અતરની એક બોટલ પંદર દિવસે બને છે. કનોજ થી વીસ કિલોમીટર દૂરથી અતરની મઘમઘતી સુંગધ મગજને તરબતર કરી દે છે!! અતર બનાવવા માટેના પાત્રમાંથી જે બાષ્પ નિષ્પન્ન થાય તે અતર કહેવાય છે.” મેં રાજુને અતર બનાવવાની પ્રક્રિયા કહી.

“ ગિરધરભાઈ. આવા અતરના ધંધાર્થી પર ઈનકમ ટેકસની રેડ પડી. રેઈડનું ટાઈમિંગ પણ અગત્યનું છે. ચૂંટણી ટાણે જ કેમ? સાડા ચાર વરસ કેમ નહીં? ભારતના આટલા રાજય-શહેરના વેપારી શાહુકાર અને જૈન બંધુ ચીનના શાહુકાર? કોને ત્યાં? કયા પક્ષના વેપારી પર રેડ પાડવાની વગેરે બબાલમાં ન પડીએ તો ગાંધીજીનો- સાદગીનો નવો અવતાર જોવા મળ્યો. એક રૂમ-રસોડાના મકાનમાં રહેનાર મહત્વાકાંક્ષી યુવાન તેની સાહસિકવૃતિ મહેનત, લગનથી કેટલાક વરસમાં અધધધ કહી શકાય તેવા ૧૦૦૦ કરોડનો આસામી થાય તો પણ જમીન સાથે જોડાયેલ રહે તે જેવી તેવી બાબત નથી. ૧૫ વરસ જુનું સ્કૂટર, આજુબાજુના ૧૦૦ કિ.મિ. સુધી બસનો ઉપયોગ કરવો વગેરે તેની અનાસક્ત વૃતિના ધૌતક છે. હું છાતી ઠોકીને કહેવા તૈયાર છું કે પેન્ટ-શર્ટ પચીસ વરસ જુના હશે! જુતા તો લગ્નમાં ખરીદ કરેલ હશે તે થાગડથીંગડ કરીને ચલાવતા હશે. આવા ઉદાર ચરિત સાદગીપૂર્ણ વૈભવ કે વૈભવપૂર્ણ સાદગીનો સુભગ સમન્વય ભાગ્યે જ દ્રષ્ટિગોચર થાય છે!! સાદુ જીવન અને અઢળક બિનહિસાબી નાણું સૂત્ર ચરિતાર્થ કર્યુ એવા ઉદારચરિત સંતશ્રી પ્રાતઃસ્મરણીય અને પુણ્યશ્લોક કહેવાય. તેના નિવાસ અને કર્મભૂમિમાં રેડ પાડવા જેવી દુષ્ટ, દુરાચારી, અનાચારી કે પાપાચારી ગોબાચારી કરવી એ વિભૂતિનું અપમાન કહેવાય. આ પ્રકારના જલકમલવત્ મહાત્મા પાસેથી ધંધાવ્યવસાય અને આવકવૃધ્ધિના સફળ સિધ્ધાતો સંપ્રાપ્ત કરી એમબીએ કોલેજોમાના સિલેબલ્સમાં આમેજ કરવા જોઈએ અને મહાનુભાવોને કૌભાંડરત્ન અર્પણ કરવો જોઈએ.” રાજુએ સમાપન કર્યું.

“ રાજુ. આપણા રાજા કમ કવિ કલાપીએ કાવ્ય પંક્તિમાં સનાતન સત્ય કંડારેલ છે. ‘ જે પોષતું તે મારતું એ કર્મ દાસે કુદરતી’ પાણીમાંથી પરફયુમ બનાવી કમાણી કરી . ઈડી કે સીબીડીટીના દરોડામાં જપ્ત થઈ . ટૂંકમાં પાણીની કમાણી પાણીમા ગઈ!!!.”મેં રાજુને સદ્રષ્ટાંત સમજૂતી આપી.

“હેઅ હેંઅ હેંઅ”રાજુ જૈન બંધુની જેમ હકકોબકકો રહી ગયો.

ભરત વૈષ્ણવ..૫.૧.૨૦૨૧.ઈ હાસ્યલેખ

-----------------

## બધું


રૂના પોલ જેવું,<br>
બધું પોલમપોલ છે.<br>
ખોપરી ખાલી લો,<br>
બધું ખોલમખોલ છે!!<br>
દુનિયાને ઝુકાવો,<br>
બધું લોલમલોલ છે!!<br>
બુદ્ધી કરવત છે તો શું?<br>
બધું છોલમછોલ છે!!<br>
તર્કના ત્રાજવે તોલશો,<br>
બધું તોલમતોલ છે!!<br>
વિધાતાના લેખ<br>
ગરબડી?<br>
બધું પોલમપોલ છે.

ભરત વૈષ્ણવ<br>
૨૪.૮.૨૦૨૧.ઈકવિતા

---

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 0037<br>
વિભાગ - પદ્ય.<br>
શીર્ષક - ગણેશ સ્થાપના.

આવી રૂડી ભાદરવી ચોથ,<br>
સૌ સાથે મળીને ઉજવીએ ગણેશોત્સવ રે...<br>
મારે ઘરે બેસાડયાં ગણેશ રે ...<br>
સૌ લોક દર્શને આવજો.<br>
શિવ શક્તિનો વ્હાલો આવ્યો,<br>
સૌ લોક આરતીમાં આવજો.<br>
બુંદીના બનાવ્યાં રૂડાં મોદક રે...<br>
સૌ લોક પ્રસાદ આરોગજો.<br>
આસોપાલવના બાંધ્યાં તોરણ,<br>
સૌ લોક ગુણગાન ગાજો.<br>
વિઘ્નહરી વરદાન આપશે,<br>
સૌ લોક ભાવથી પૂજન કરીએ.<br>
રિદ્ધિસિદ્ધિ સાથે બિરાજ્યાં ગણેશ રે...<br>
સૌ લોક દર્શને આવજો...

હેમલતા ટી. દિવેચા ‘હેમ ‘

----------------------------------

NOG SS No -119<br>
પ્રકાર : ગદ્ય<br>
શબ્દ : સંયોગ - વિયોગ<br>
શિર્ષક : સંયોગ - વિયોગ.

અંગ્રેજોનું રાજ ચાલતું હતું, ત્યારે દેશમાં અનેક રજવાડાઓની આણ વર્તાતી હતી. ઘણા નાના રજવાડાઓ પણ હતા. અંદરોઅંદર એકબીજા ને પરાસ્ત કરવાના મનસુબા રચાતા. રજવાડાઓમાં કસુંબા - અમલ પાણી ઘોરાતા અને મિજબાની માણતા. જી, હજુરિયા રાજાનો દૂરપયોગ કરી તકનો લાભ ખાટતા હતા. રાજાઓનાં ગામડાઓમાં ખેડૂતોનું શોષણ કરતા અને ગરીબ પ્રજાને રંજાડવામા કોઈ મણા રાખતા નહીં.

આવી રીતે કોઈ શૂરવીરથી સહનશીલતા ની હદ વટાવી જતાં તેઓ રાજની સામે અથવા અંગ્રેજ સરકાર સામે બહારવટે ચડતા.

જે બહારવટે ચડતા તે મેઈન માણસ અને તેમની ટીમ હોય. જેઓ અગાઉથી જાસા ચિઠ્ઠી લખીને ગામમાં બહારવટીયા આવશે. એવી ગામમાં જાસા ચિઠ્ઠી મોકલતા અને વાગતે ઢોલે ગામમાં સુખી સંપન્ન અને રાજના વિશ્વાસુ ઓ ના ઘરમાં થી દાગીના અને રોકડ પૈસા નું ઉઘાડી જાહેરમાં લૂંટ ચલાવતા. કોઈ રાજના માણસો પણ કંઈ બોલે નહીં. રાજા સુધી વાત પહોંચે તો ધિંગાણું થતું અને બહારવટીયા મરણીયા થઈને સામે લડતા હોય છે.

બહારવટીયા ની ટીમના મુખ્ય માણસ આખી ટીમને બહારવટીયા ની આચારસંહિતા સમજાવી ગામમાં પ્રવેશતાં હોય છે. જેમકે કોઈ ગરીબ માણસને ત્યાં કદી લૂંટ કરવી નહીં અને નાની એટલી બહેનો અને મોટા એ મા સમાન ગણવાના અને તેમની સામે કોઈ કૂળી નજર નાખશે તેને બંદુકના ભડાકે ઠાર મારીશ, આવી કડક આચારસંહિતા અમલી બનાવવામાં આવે છે. સૌ એ મર્યાદાનું પાલન પણ કરતા હોય છે.

અંગ્રેજો સામે બહારવટે ચડેલા બહારવટીયા પણ અંગ્રેજો સાથે પુરી તાકાત થી લડતા હતા. ચારિત્ર્ય નિર્માણ નાં અનેક બહારવટીયાના ઉદાહરણો સામેલ છે. દિકરી એકલી ખેતરમાં ઢોર ચરાવતી હોય કે કામ કરતી હોય તો પણ એને ડર નથી હોતો કેમકે તેને મનમાં એવું હોય કે અહીં જોગીદાસ જેવાના બહારવટું હોય પછી શાની બીક કે ભય હોઈ શકે...! આ બહારવટીયા નાં પ્રમાણિકતા નું પ્રમાણ હોય છે.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ બહારવટે ન્હોતા ચડ્યા, પરંતું મારી ઝાંસી અંગ્રેજો ને નહીં સોંપું એવી ખુમારી થી અંગ્રેજો સામે લડ્યા હતા અને જીવતે જીવ ઝાંસી ન્હોતી સોંપી.

આવા સંયોગ કે વિયોગમાં હંમેશા વફાદાર રહે એનાં નામ અમર રહે છે.

આઝાદી મેળવવા અનેક શહિદોની શહાદત ની ખુમારી અને દેશદાઝ તેમના બલીદાન ની દેન છે. આજે પણ શહીદોને વારંવાર યાદ કરીને તેમને આપેલ બલીદાન ની આહુતી આઝાદીનો અમર વારસો છે. આજે પણ દેશના સૈનિકો તેમના જીવના જોખમે મા ભોમ ની રક્ષા કરે છે અને સમય આવે સામી છાતીએ ઝઝૂમીને પોતાનાં દેશ માટે બલિદાન આપવા પીછેહઠ કરતા નથી. તેવા સૈનિકવીરો ને સલામ છે. રક્ષા કરે તે દેશ વાસીઓ માટે સંયોગ છે, જ્યારે બલિદાન આપે એ એમના પરિવારજનો માટે વિયોગ છે.

સરદાર વલ્લભભાઈ પટેલે રાજવાડા ને અખંડ ભારતના નિર્માણમાં ભેળવવા ભાવનગર રાજના રાજવી મહારાવ શ્રી કૃષ્ણ કુમારસિંહજી એ પ્રથમ રાજ્ય અખંડ ભારતના નિર્માણમાં તમામ જાગીર સોંપી દીધી તેમનાં નામ અમર રહે. રાજપાટ ભોગવવા એ સંયોગ કહેવાય, પણ રાજપાટ છોડવા એ વિયોગ ગણાય. કોઈ રાજવીએ આનાકાની કરી નહીં એ તમામ રાજવીઓની દીઘર્દ્રષ્ટી ના કારણે અખંડ ભારતનું નિર્માણ થયું. આઝાદી ને ૭૫ વર્ષમાં આદર્શ લોકશાહી નાં દર્શન ભારતભરમાં સંવિધાન રચીને કરવામાં આવેલ છે. જે આઝાદીના અમૃત ફળ મળ્યા એ સંયોગ ગણાય જ્યારે અનેક રાજાઓ રાજપાટ અહીં છોડીને વિદેશમાં જતા રહ્યા તે વિયોગ ગણાય.

સંયોગ અને વિયોગ એક સિક્કાની બે બાજુઓ છે.

(ભારત માતા કી જય)<br>
ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)<br>
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા.

----------------------------------

[NOG: NOG.SS .NO.0026.<br>
વિષય - સંયોગ - વિયોગ.<br>
વિભાગ - પદ્ય ( ગઝલ)<br>
શીર્ષક - ભાસ આવે.

સંયોગની જ સાથે વિયોગ ખાસ આવે.<br>
મુશ્કિલ ભરેલું જીવન, બંન્ને પ્રવાસ આવે.<br>
મળવું અહીં સરાસર, નક્કી ભલે નસીબે,<br>
લાખો ખુશીની પળ એ, લઈને ઉદાસ આવે.<br>
જીવન જો એક રણ છે,તો શ્વાસ ઝાંઝવા છે,<br>
ડુબી તું જાશે એમાં, એવીય પ્યાસ આવે.<br>
વાવીશ ના કદીયે તું બાગ લાગણીનો,<br>
કચડી જશે આ દુનિયા, કુંણું એ ઘાસ આવે!<br>
સંયોગથી મળેલું, વિયોગ ઝૂંટવી લે,<br>
સૌ સ્વાર્થનાં સગાં છે,ચેતી જા ભાસ આવે!

અંજના ગાંધી ‘મૌન’<br>
વડોદરા<br>
( હાલ અમેરિકા)

---

# શિક્ષક અને વિદ્યાર્થી એકબીજાનાં પૂરક છે.



સૌ પ્રથમ આપણે શિક્ષક એટલે કોણ, એ વિષે વાત કરીએ. જે વ્યક્તિ શિક્ષણનો સાચો આંક કાઢી, પોતાના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે, તે સાચો શિક્ષક છે. શિક્ષકની વ્યાખ્યા એકજ વાક્યમાં આપવી હોય તો, જે પોતાના વિદ્યાર્થીઓને સાચી શિક્ષા તથા દિક્ષા આપનાર વ્યક્તિ. શિક્ષકો જ પોતાના વિદ્યાર્થીઓના પથદર્શક અને માર્ગદર્શક બની શકે છે. બાળકોમાં માતા બાદ સંસ્કારનું કોઈ સિંચન કરતું હોય તો તે વ્યક્તિ શિક્ષક છે. બાળકો કે વિદ્યાર્થીઓનાં જીવનમાં માતા પછી ગુરૂ કે શિક્ષકનું દ્વિતીય સ્થાન આવે છે. આપણાં ભારત દેશના સૌ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ એક સમયે પોતાની કારકિર્દીની શરૂઆત એક શિક્ષક તરીકે જ શરૂ કરી હતી અને તેથી જ એમના માનમાં પાંચમી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષક ખરા અર્થમાં વિદ્યાર્થીઓનો ગુરૂ છે. શિક્ષક જ એક એવો મહાનુભાવ છે જેના માધ્યમ થકી એના ભણાવેલાં વિદ્યાર્થીઓમાંથી કોઈ ડૉક્ટર, કોઈ એન્જિનિયર, કોઈ વકીલ, કોઈ પાયલોટ કે કોઈ મોટો ઉદ્યોગપતિ બને છે. આ બધાં આગળ આવ્યા એ એમના ગુરૂ કે શિક્ષકની દેન છે. શિક્ષક વિદ્યાર્થીઓના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે છે. વશિષ્ઠ તથા વિશ્વામિત્ર ઋષિ સાચા તથા સારા ગુરૂઓના ઉદાહરણ રૂપે છે. પરશુરામજી પણ ઉત્તમ ગુરૂવર તરીકે નામના પામ્યા હતા.

બીજી બાજુ વિચારીએ તો વિદ્યાર્થી એટલે વિદ્યાનો સાચો અર્થ જાણનાર. જે વિદ્યાર્થી વિદ્યાનો કે શિક્ષણનો સાચો અર્થ કાઢી અને સમજી શકે છે એજ ખરો અને આદર્શ વિદ્યાર્થી છે. વિદ્યા હંમેશા વિનય વડે શોભે છે તે ન્યાયે, વિદ્યાર્થી નમ્ર, વિનયી, સુશીલ, ખંતીલો અને મૃદુભાષી હોવો જોઈએ. વિદ્યાર્થી પોતાના ગુરૂ કે શિક્ષકના આદેશ તથા આજ્ઞાનું પાલનકર્તા, સોહાર્દ, વિનમ્ર અને આજ્ઞાંકિત હોવો જોઈએ. જેટલાં પણ મોટા કે નામાંકિત વ્યક્તિઓનો ઈતિહાસ તપાસસો તો એમની વૃદ્ધિ અને સમૃદ્ધિની પાછળ કોઈને કોઈ સારા કે મહાન ગુરૂ કે શિક્ષકનો હાથ હશે જ. લવ તથા કુશ વાલ્મીકિ ઋષિના શિષ્યો હતાં તો શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ સાંદિપની ઋષિના શિષ્યો હતા અને તેઓ ગુરૂ કુળમાં જ રહીને ભણ્યાં અને મોટા થયા હતાં. દશરથ રાજાના ગુરૂ વશિષ્ઠ ઋષિ હતાં. રામ તથા લક્ષ્મણના ગુરૂ વિશ્વામિત્ર ઋષિ હતા.

ગુરૂ દ્રૌણાચાર્ય કૌરવો તથા પાંડવોના કુલગુરુ હતા. ઈતિહાસમાં આરૂણી નામનો એક શિષ્ય અમર થઈ ગયો. આ બધાં જ વિદ્યાર્થીઓએ ક્યારેય પોતાના ગુરૂનો બોલ ઉથાપ્યો નહોતો કે ગુરૂજીની આજ્ઞા તથા આમન્યાનું જાણેઅજાણે પણ ઉલ્લંઘન કર્યું નહોતું. તેઓ જ્યાં સુધી પોતાના ગુરૂના હાથ નીચે ભણ્યાં ત્યાં સુધી ગુરૂજી તથા ગુરૂ પત્નિની તન, મન અને ધનથી સેવા કરી હતી અને સેવાના ફળ સ્વરૂપે તેઓ મહાન કે ખ્યાતનામ વ્યક્તિઓ તરીકે જગમાં નામ કમાયી ગયાં હતાં. વિદ્યાર્થી અને શિક્ષક એકબીજાથી અલિપ્ત રહી શકે નહીં. આમ વિદ્યાર્થી તથા શિક્ષક એકમેક સાથે સેતૂ સમાન છે અને એકબીજાના પૂરક છે.

જો કે આજના પરિવર્તિત અને બદલાયેલાં જમાનામાં શિક્ષકો શિક્ષણને બદલે શાળામાં મહિલા શિક્ષિકા કે નાની વિદ્યાર્થીનીઓ સાથે લંપટલીલા આદરે છે. શાળામાં નિયમિત આવતા નથી, પાન પડીકી કે દારૂના નશામાં ધૃત હોય છે, આવા શિક્ષકો વિદ્યાર્થીઓમાં સારા શિક્ષણનું સિંચન કઈ રીતે કરી શકશે? વિદ્યાર્થીઓને શિક્ષા (શિક્ષણ) આપવાને બદલે શિક્ષા (સજા કે દંડ) નો સહારો લ્યે છે. તો બીજી તરફ વિદ્યાર્થીઓ પણ વિદ્યાનો અર્થ જાણવાને બદલે વિદ્યાની અર્થી (ઠાઠડી) કાઢે એવા હોય છે. શાળા કોલેજોમાં ભણવાને બદલે ગર્લ ફ્રેન્ડ કે બોય ફ્રેન્ડ સાથે મોજમસ્તી કરવી, પિરીયડો નિયમિત ભરવા નહીં, શિક્ષકોની ફિલ્મ ઉતારવી અને ભાંગફોડ કરવી એવાં નખરાં કરે છે, આ અલગ બાબત છે.

આમ છતાં એક આદર્શ અને સાચો શિક્ષક પોતાના જ્ઞાન તથા અનુભવ થકી ગમે તેવા નાદાન, ઉદ્દંડ અને તોફાની વિદ્યાર્થીનું જીવન બદલી શકે છે. માટે જે વ્યક્તિઓ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તે તમામે સમાજમાં આદર્શ અને ઉત્તમ શિક્ષક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

યોગેશભાઈ આર જોષી<br>
હાલોલ: જિ.પંચમહાલ

---

# “વિશ્વ અનુદાન દિવસ” પર કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન- રાજકોટ દ્વારા અનુદાનની અપીલ

“ઈન્ટરનેશનલ ચેરિટી ડે” દર વર્ષે ૫ સપ્ટેમ્બરનાં દિવસે ઉજવવામાં આવે છે. “ઈંટરનેશનલ ચેરિટી ડે” એ દાનનું મહત્ત્વ દર્શાવવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે. સનાતન ધર્મમાં દાનને મહાન કર્મ દર્શાવવામાં આવ્યું છે. દાન કરવાથી પુણ્યફળ પ્રાપ્ત થાય છે એવું શાસ્ત્રોમાં પણ કેહવામાં આવ્યું છે. યૂનાઈટેડ નેશન દ્વારા આ દિવસને માન્યતા પ્રાપ્ત થઈ હતી. વર્ષ ૨૦૧૨માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ “ઈન્ટરનેશનલ ચેરિટી ડે” ની સત્તાવાર જાહેરાત કરી. ૫ સપ્ટેમ્બરના રોજ મધર ટેરેસાની પુણ્યતિથિ પર “ઈન્ટરનેશનલ ચેરિટી ડે” ઉજવવામાં આવે છે. તેમણે સમાજમાંથી ગરીબી દૂર કરવા, જરૂરતમંદ લોકોની મદદ કરવા અને તેમની તકલીફોને દૂર કરવાના કાર્યોમાં તેમણે અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. આ દિવસ દાન પ્રત્યે જાગરૂકતા વધારવા અને વૈશ્વિક સ્તર ચેરીટી કરવાનો ઉત્તમ દિવસ છે.

રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી સેવારત એનીમલ હેલ્પલાઈન દ્વારા “અનુદાન દિવસ” નિમિતે અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે. એનીમલ હેલ્પલાઈન રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. છેલ્લા ૧૮ વર્ષથી કરુણા ફાઉન્ડેશન દ્વારા મૂંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું ‘મોબાઈલ પશુ ચિકિત્સાલય‘, ‘એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ‘ સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૭,૦૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ વિનામૂલ્યે, નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા, ૧૦ (દસ) એમ્બ્યુલન્સ તેમજ બે બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૯૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિનામૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશક્ત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ/ સંસ્થાની જ નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓનાં ૫૯૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૦થી વધારે ગૌ માતાનાં હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસ-પાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા વિશ્વનું સૌપ્રથમ એવું પશી-પક્ષીઓ માટેનું રોજીંદુ “હરતુ ફરતુ અન્નક્ષેત્ર× ચલાવવામાં આવે છે. જેમાં શહેરમાં વિવિધ સ્થળોએ, વિવિધ ચબૂતરાઓમાં પક્ષીઓને ઋતુ અનુસાર ૩૦૦ કિ.ગ્રા. ચણ દરરોજ આપવામાં આવે છે. ૧૫ જેટલા વિસ્તારોમાં રોજ ૧૬૦ લીટર દુધ અને ૭૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે.

નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૨૦ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. કાગડા-કાબર ને અનુકુળ ફરસાણ પીરસાય છે. લોટની ૫૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. વેરાવળ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, મહુવા,ચોટીલા, મોરબી, બોટાદ, દિવ, ભાવનગર, દ્વારકા, થાન સહીતનાં શહેરોમાં એનીમલ હેલ્પલાઈનનો શુભારંભ કરાવવામાં સંસ્થા નિમીત બની છે. સમગ્ર ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં, વિશ્વમાં હેલ્પલાઈન ચાલુ થાય તેવું સંસ્થાનું ધ્યેય છે. આ પ્રકારની અનુદાન અંગે વિવિધ તીથી યોજના પણ કાર્યરત છે. સંસ્થાને કોઈ કાયમી ભંડોળ નથી કે કોઈ નીયમીત આવકનું સાધન નથી, સંસ્થા પ્રવર્તમાન મોંઘવારીની સ્થિતીના હિસાબે, ગૌ સેવા જીવદયા પ્રવૃતીઓનો નિર્વાહ કરવો ખુબ મુશ્કેલ બન્યો છે. અત્યારે પણ સંસ્થા લાખો રૂપિયાનાં દેણામાં છે. પવિત્ર પર્યુષણ પર્વ નિમિતે અનુદાન આપી અબોલ જીવોનાં પ્રાણદાનમાં ઉપયોગી થવા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ- એનીમલ હેલ્પલાઈન દ્વારા અપીલ કરાઈ છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦૩૦૩૯૩) પર ફોન કરવાથી આપને ત્યાંથી અનુદાન સ્વીકારવાની વ્યવસ્થા કરાશે. સંસ્થાનાં પ્રમુખ તરીકે મિતલ ખેતાણી, ટ્રસ્ટીઓ ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, સેક્રેટરી પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા સેવા આપે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંસ્થાને અનેક એવોર્ડસ મેળવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે. સમગ્ર ભારતમાં પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન અત્યાર સુધીમાં સમગ્રપણે ૨૪ કરોડ અને વાર્ષીક ચાર કરોડનાં માતબર ખર્ચે સેવારત આ સંસ્થાને સહકાર આપવા અપીલ કરાઈ છે.

---

# અમેરીકા-કેલિફોર્નિયા ના અર્વાઈન શહેર ખાતે આવેલ વૈષ્ણવ સમાજ ઓફ સધર્ન કેલિફોર્નિયા (VSOSC) સંચાલિત શ્રીનાથજી હવેલી ખાતે પૂ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનું પ્રવચન યોજાયુ.



કેલિફોર્નિયાના અર્વાઈન વૈષ્ણવ સમાજ ઑફ સધર્ન કેલિફોર્નિયા (શૉશ્ચ)સંચાલિત શ્રીનાથજી હવેલી, ખાતે ગુરુવાર તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૨ નારોજ સાંજના સંધ્યા આરતી બાદ ‘ભાગવત ધર્મ’ વિષે ષષ્ઠપીઠાધિશ્વર પૂ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીનું મનનીય પ્રવચન યોજાયું હતું. તેઓશ્રી જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના દિવ્ય વલ્લભકૂળનું ૧૪મું પ્રાગટ્ય સ્વરૂપ છે. તેઓશ્રીએ પુષ્ટિમાર્ગની ભક્તિની વિશદ ચર્ચા કરી અને ભાગવત ધર્મ અંગે વિસ્તૃત સમજૂતિ આપી હતી. અંતમાં તેઓશ્રીએ શયન આરતી કરી હતી અને સૌ વૈષ્ણવોને દર્શનનો લાભ પણ આપ્યો હતો. આ કાર્યક્રમ માં લગભગ ૧૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો હતો....

( માહિતી :- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર :-કાન્તિભાઈ મિસ્ત્રી, કેલિફોર્નિયા )

# સેવાસેતુ કાર્યક્રમની સાથે ઈ-શ્રમ નોંધણી તથા મતદાર યાદી સુધારણા કેમ્પ યોજાશે


તારીખઃ ર સપ્ટેમ્બર, ર૦રર
ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની નાગરિકોની વ્યક્તિલક્ષી અરજીઓના ત્વરીત નિકાલના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા.૩ સપ્ટેમ્બર, ર૦રર શનિવારના રોજસમય સવારે ૯.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાએ વોર્ડ નં.૬ માં શ્રી લીંબચ માતાજીના મંદિર,સેક્ટર-૧૩,ગાંધીનગર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ૯.૦૦ થી ર.૦૦ કલાક દરમિયાન અરજદારો પાસેથી રજૂઆત અને તેના પૂરાવા મેળવવામાં આવશે. આ રજૂઆતો અને અરજીઓના નિકાલની કામગીરી સાંજે ૫ વાગ્યા સુધી કરવામાં આવશે. જે દરમિયાન અરજદારોને તેમણે કરેલ રજૂઆતોના આખરી નિકાલની જાણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન મતદાર યાદી સુધારણા કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગરના નાગરિકો મતદાર યાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરવા, ચૂંટણી કાર્ડમાં સુધારો કરવા માંગતા હોય તો સુધારો કરાવી શકશે. ખાસ કરીને નવીન મતદારો તેમનું નામ મતદાર યાદીમાં ઉમેરાવી શકશે.

સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન ઈ-શ્રમ કાર્ડ નોંધણી કેમ્પનું પણ આયોજન કરેલ છે. અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારો ને ઈ-શ્રમ કાર્ડની નોંધણી બાદ સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે તે હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે શ્રમિકોની ઉંમર ૧૬ થી ૬૦ વર્ષની છે, તેઓ આ કેમ્પનો લાભ લઈ શકશે. આ કેમ્પ દ્વારા લાભાર્થી આધાર કાર્ડ, મોબાઈલ નંબર અને બેંક પાસબુકની નકલ સાથે રાખીને ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરાવી શકશે અને સરકારની આ યોજનાનો લાભ મેળવી શકશે.

# ગેટકો કંપનીના આઉટ સોર્સિંગ કર્મચારીઓના પગારની પોલિસી બદલાવવા કલેક્ટરને આવેદનપત્ર અપાયું....



તારીખ ૦૨/૦૯/૨૦૨૨ ના રોજ ગુજરાત ઊર્જાવિકાસ નિગમ લિમિટેડ ના પેટા કંપની ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ ના આઉટ સોર્સિંગ કર્મચારીઓના પગારમાં પોલિસી બદલાવવા માટે કલેક્ટર કચેરી પાલનપુર આવી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં ગેટકો ના તાબા હેઠળ ના ૬૬kv સબસ્ટેશનોમાં કામ કરતા કર્મચારીઓ કે જેઓએ સતત ૨૪૫ થી વધુ દિવસ કાર્ય કર્યું હોઈ તેવા તમામ કર્મચારીઓ આઈ.ડી એકટ મુજબ તેમજ નામદાર વડી કચેરી ના ચુકાદાઓ મુજબ તે કર્મચારીઓ જે દિવસથી કાર્ય કરે છે ત્યારથી કાયમી કરી એરિયસ સહિત તમામ લાભો આપવા, પાંચ વર્ષથી વધુ કામ કર્યુ હોવા છતાં પગાર વધારો, રજાઓના લાભ અન્ય ખર્ચ મળવો જોઈએ, અકસ્માત વીમો સેફ્ટી સાધનોનો અભાવ, પી. એફ ની ૧૨ ટકા મુજબ પગાર ધોરણ મળવું જોઈએ તે બતાવવામાં આવતું નથી , વર્ષોથી નોકરી કરી હોવા છતાં અનેક લાભથી વંચિત છીએ તેવી તમામ માંગણીઓ સ્વીકારી યોગ્ય પગલાં લેવાની આઉટ સોર્સિંગ સબ સ્ટેશનના કર્મચારીઓએ માંગ કરી હતી .

# ગાંધીનગરની વિવિધ શાળાઓની દેશભક્તિ થીમ આધારિત "નૃત્ય સ્પર્ધા"

## આ કાર્યક્રમ માણવા ગાંધીનગરના કલારસીકોને વિશાળ સંખ્યામા ભાગ લેવા સમિતિના અધ્યક્ષશ્રી નિશિત ભાઈ વ્યાસ ભાવભર્યુ આમંત્રણ છે.



સાર્વજનિક ગણેશ મહોત્સવના બીજા દિવસ તાઃ૦૧/૦૯/૨૦૨૨ ગુરુવાર નાં રોજ ગાંધીનગરની કલા સંસ્થાઓ દ્વારા 'લોકનૃત્યોત્સવ' યોજવામાં આવેલો હતો. જેમાં ગાંધીનગરની સુપ્રસિદ્ધ સંસ્થાઓની નિરાલી પંડ્યા —લયા ડાન્સએકેડમી દ્વારા ભરતનાટ્યમ, આકાશ શર્મા-ઈન્ડો વેસ્ટન ડાન્સ, નીતીનકુમાર દવે —વેનુભારતી દ્વારા પ્રાચીન ગુજરાતી ગરબો , દીપક પારેખ- નૃત્યશ્રી કલાવૃંદ દ્વારા ગરબો અને ટિપ્પણી, ભાવેશ ત્રિવેદી- રંગોલી કલ્ચરલ ગ્રુપ ઓફ પરફોર્મિંગ દ્વારા પ્રાચીન ગરબો, પરિમલભાઈ દેસાઈ- રમઝટ કલામંદિર દ્વારા મિશ્ર ગરબી, દર્શના ઠાકર- ડ્રીમ ડાન્સ એકેડમી દ્વારા કાલબેલિયા, મિત્તલકુમાર-સુન્દરમ કલ્ચરલ ગ્રુપ ઓફ પરફોમીંગઆર્ટ દ્વારા મેર રાસ, અભિરાજસિંહ ઝાલા-MRDC ડાન્સ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પ્રાચીન ગરબો, નીરવ લોથ-રીધમ ગરબા કલાસીસ દ્વારા ડાખલાનાં તાલે, તેમજ ચિરાગ અડલજા- મલ્હાર ગ્રુપ ઓફ પરફોમીંગ આર્ટ દ્વારા મરાઠી ફોક ડાન્સ રજુ કરેલ છે.

સર્વ સંસ્થાઓના ૨૫૦ થી વધુ કલાકારોએ તેમની ઉત્કૃષ્ઠ સાંકૃતિક કૃતિઓ રજુ કરી હતી જેને રંગમંચ પર દર્શકોને નૃત્યના તાલ પર જુમવા મજબુર કરી દીધા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓ એ સાર્વજનિક ગણેશોત્સવના ગાંધીનગરની વિવિધ કલા સંસ્થાઓ તેમજ બાળકોને પ્લેટફોર્મ આપીને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર નીકાળવાના પ્રયાસને બિરદાવ્યો હતો.

ગણેશજીની પૂજા અર્ચના કરવા તથા કાર્યક્રમ નિહાળવા વિશ્વ હિંદુ પરિષદ નાં મોભીશ્રી પ્રદીપભાઈ જૈન તથા ડૉ. ઉત્પલ પટેલ, લુહાણા સમાજ નાં આગેવાનો, પ્રજાપતિ સમાજ નાં આગેવાનો, હુસેની સમાજના આગેવાનો, બ્રહ્મસમાજનાં સભ્યો અને મહિલા કોંગ્રેસ નાં અગ્રણીઓ, જેવા હોદ્દેદારશ્રીઓ તથા અન્ય વહેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું ઉત્કૃષ્ઠ સંચાલન શ્રીમતી આશાબા સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવામાં તારકભાઈ પંડ્યા, અશ્વિનસિંહ તાપરિયા નું મુખ્ય યોગદાન હતું. અધ્યક્ષશ્રી નિશિત વ્યાસે ધર્મ અને સંસ્કૃતિક પ્રેમી જનતાને તથા સમિતિના સર્વે હોદ્દેર્દાશ્રીઓનો કાર્યક્રમ સફળ બનાવવા આભાર માન્યો હતો. તા. ૦૩/૦૯/૨૦૨૨ શનિવારના રોજ નો કાર્યક્રમઃ રાત્રે ૦૮:૦૦ કલાકે.

# ઋષિ પંચમીની ઉજવણી નિમિત્તે ૭ કુંડી ગાયત્રી મહાયજ્ઞ

ઋષિ પંચમીની ઉજવણી નિમિત્તે તા.૧-૯-૨૦૨૨ ગુરુવારે બપોરે ૩-૦૦થી ૬-૦૦ દરમ્યાન ૭ કુંડી ગાયત્રી મહાયજ્ઞ તેમજ વૈદિક સંસ્કારોનું વાત્સલ્ય સીનીયર સીટીઝન હોમ રેડ ક્રોસ સોસાયટી જૂના વાડજ ખાતે યુગ શક્તિ ગાયત્રી ટ્રસ્ટ નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ જોધપુર હીલ,વાત્સલ્ય સીનીયર સીટીઝન હોમના સહયોગથી આયોજન કરાયું જેમાં વાત્સલ્ય સિનિયર સિટિઝન હોમના શ્રીમતી શિલ્પાબેન પટેલ,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલના પ્રમુખ પુષ્પક શાહ તથા ગિરીશભાઈ પટેલ, ઝાયડસ હોસ્પિટલના ડૉ.સત્યમ શુકલા દિપ પ્રાગટ્યમાં હાજર રહેલા અને યજ્ઞમાં સપ્ત ઋષિઓને આહુતિઓ પ્રદાન કરવામાં આવી હતી નિઃશુલ્ક ઍક્યુપ્રેશર સારવાર શ્રી રશ્મિકાંત દેસાઈ દ્વારા તેમજ સપ્ત ઋષિઓનો ફોટો,ગાયત્રી મંત્ર લેખન નોટબુક,ગાયત્રી ચાલીસાનું વિતરણ કરવામાં આવયુહતુ.સમગ્ર યજ્ઞાનું આયોજન કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા કરવામાં આવ્યું દરેક વ્યક્તિને ફ્રુટનો પ્રસાદ આપવામાં આવ્યો હતો ????

# પાલનપુર નગરપાલિકા પ્રમુખ એક નજર ઈધર ભી... મફતપુરા ગંદકીથમાં ફેરવાયુ

## નવા નિમાયેલા પ્રમુખ મફતપુરાની પણ મુલાકાત લે તે જરૂરી : લોકમાંગ

(ન્યુઝ ઓફ ગાંધીનગર બનાસકાંઠા સમાચાર )

એક તરફ સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે ત્યારે બિજી તરફ જોઈએ તો પાલનપુર નગરપાલિકા આ અભિયાન ના સરેઆમ ધજાગરા ઉડાવી રહ્યુ છે. પાલનપુર ના વોર્ડ નં ચાર ના મફતપુરા વિસ્તાર માં ઠેર ઠેર ગંદકી જોવા મળે છે ગટર ના ચેમ્બર ખુલ્લા પડ્યા હોય છે માથું ફાટી જાય તેવી ગંધ આવે છે વાહનચાલકો મુશ્કેલીઓ નો સામનો કરી રહ્યા છે. રહીશો વાંર વાર ગંદકી ના કારણે બિમાર પડી રહ્યા છે તો પણ આ ગંદકી નો નિકાલ કેમ નથી કરવામાં આવતો વારમ વાર નગર પાલિકા ને જાણ કરતા પણ જાણે પાલનપુર નગરપાલિકા મફતપુરા સાથે ઓરમાયુ વર્તન કરી રહી છે. કોઈ કર્મ ચારીઓ સફાઈ કરવા આવતા નથી અત્રે ઉલ્લેખનીય છેકે માલણ દરવાજો ખાતે આવેલા રામદેવ પીર મંદિર પરીસર મા અંબાજી જતાં પદયાત્રીઓ માટે સેવા કેમ્પ ની આગળ જ ભુગર્ભ ગટર લાઈન નું ચેમ્બર ભરાઈ ગયું હોવાથી અત્યંત દુર્ગંધ મારતું ગંદું પાણી મફત વિસ્તારમાં ફરી વળયુ છે જેના કારણે અસહ્ય દુર્ગંધ મારે છે તથા મચ્છરો નો ઉપદ્રવ વધી ગયો છે માટે ઉપરોક્ત સમસ્યા ના લીધે ગંભીર રોગચાળો ફાટી નીકળે તો જવાબદારી કોની જેથી તાત્કાલિક પાલનપુર નગરપાલિકા મફતપુરા સાથે ઓરમાયુ વર્તન છોડી સાફસફાઈ કરાવે તે ઈચ્છનિય છે.

# અવસર છે લોકશાહીનો-ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨

# સમાજના તમામ વર્ગો ચૂંટણી પ્રક્રિયાના અવસરમાં સામેલ થાય તે માટે રાજ્યના ચૂંટણી તંત્રનો માનવીય અભિગમ

## ટ્રાન્સજેન્ડરો માટે ઓળખ પ્રસ્થાપિત કરવા સ્થળ પર પ્રમાણપત્ર ઈસ્યુ કરવા ૮મીએ છ શહેરોમાં ખાસ કેમ્પનું આયોજન

ભારતના ચૂંટણી પંચના નિર્દેશ પ્રમાણે હાલમાં ગુજરાતમાં મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા (જીજીઇ) કાર્યક્રમ ચાલી રહ્યો છે.આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ને અનુલક્ષીને મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા હાલ મતદાર જાગૃતિને લગતા કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યાં છે.સમાજના તમામ વર્ગો કે જેઓ સમાજની મુખ્ય ધારાથી અલિપ્ત છે તેઓની પણ ચૂંટણી પ્રક્રિયામાં મહત્તમ ભાગીદારી થાય તથા મતદાન માટે લાયકાત ધરાવતો કોઈપણ નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તે માટે રાજ્યનું ચૂંટણી તંત્ર સતત પ્રયત્નશીલ છે.આ હેતુસર મતદાર જાગૃતિ અને પ્રશિક્ષણ પ્રવૃત્તિઓના ભાગરૂપે ઝઈ કચેરી દ્વારા વિવિધ સરકારી વિભાગો/ સેવાભાવી સંસ્થાઓનો સહયોગ મેળવવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમના ભાગરૂપે ગાંધીનગર ખાતે અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી આર.કે.પટેલના અધ્યક્ષસ્થાને આયોજીત બેઠકમાં વિવિધ સરકારી વિભાગો અને સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યાં હતા.તે પૈકી ખાસ કરીને દિવ્યાંગો, વિચરતી અને વિમુક્ત જાતિ, ટ્રાન્સજેન્ડર સમુદાયને જરૂરી આધાર પુરાવાના અભાવે મતદાર તરીકે નામ નોંધણી કરાવવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને આગામી સમયમાં આ વર્ગના નાગરિકો માટે ખાસ કેમ્પનું આયોજન કરીને મતદાર તરીકે નામ નોંધણી કરાવવા અભિયાન હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંસ્થા સાથે સંકળાયેલા અને લાયકાત ધરાવતા નાગરિકોની નોંધણી પ્રક્રિયા મહત્તમ પૂર્ણ કરવામાં આવી છે.ટ્રાન્સજેન્ડર સમુદાયના ઉત્કર્ષ માટે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધીઓ દ્વારા જણાવવામાં આવ્યું કે, રાજ્યભરમાં વસવાટ કરતા ટ્રાન્સજેન્ડર વર્ગ માટે ઓળખ માટેનું સક્ષમ સત્તાધીશનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલીને નિવારવા વિવિધ શહેરમાં ખાસ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવે તે જરૂરી છે.આ સૂચનને સ્વીકારીને આગામી ૮મી સપ્ટેમ્બર,૨૦૨૨ના રોજ અમદાવાદ, વડોદરા,સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર ખાતે ટ્રાન્સજેન્ડરો માટે પ્રમાણપત્ર કાઢી આપવાની સાથે મતદારયાદીમાં તેઓના સમાવેશ માટે ઘટતી કાર્યવાહી હાથ ધરવા માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવનાર હોવાનું મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

હાલમાં શાળા-કોલેજોમાં ચાલી રહેલા યુવા મહોત્સવ અંતર્ગત ૧૮ વર્ષ પૂરા કર્યા હોય તેવા યુવાઓની મતદાર તરીકે નોંધણી કરાવવાની કામગીરી શિક્ષણ વિભાગ દ્વારા ઉલ્લેખનીય રહી છે.ખાસ કરીને બનાસકાંઠા જિલ્લામાં યુવા મહોત્સવ હેઠળ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાઓની મતદાર તરીકે મહત્તમ નોંધણી કરવામાં આવી છે. રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા રાજ્યભરમાં આવેલી ૨૮૮ જેટલી તાલુકા કક્ષાની આઈ.ટી.આઈ. દ્વારા મતદાર તરીકે નોંધણી કરાવવા લાયકાત ધરાવતા યુવાનો પૈકી મહત્તમ યુવાનોની નોંધણી કરાવી દેવામાં આવી હોવાનું ઉપસ્થિત પ્રતિનિધી દ્વારા જણાવવામાં આવ્યું હતું. દિવ્યાંગોના ઉત્કર્ષ સાથે સંકળાયેલી અપંગ માનવ મંડળ અને અંધજન મંડળ સંસ્થાના પ્રતિનિધીઓ દ્વારા પણ ચૂંટણી પ્રક્રિયામાં દિવ્યાંગ યુવાઓ કે જે ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેમના નામ મતદાર તરીકે નોંધાવવા માટે ચૂંટણી તંત્રને સંપૂર્ણ સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી.

વિવિધ સરકારી વિભાગો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા તેઓની રોજીંદી કામગીરી ઉપરાંત મતદાર જાગૃતિની વધારાની હાથ ધરવામાં આવતી કામગીરીની તથા ખાસ કરીને ટ્રાન્સજેન્ડર વર્ગની સમસ્યાઓને વાચા આપી તેના નિરાકરણ માટે કાર્યરત પ્રતિનિધિઓની ઉમદા પહેલને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીએ બિરદાવી હતી.

આ બેઠકમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી એમ.નાગરાજન તથા રોજગાર અને તાલીમ નિયામકશ્રી લલિત નારાયણ સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં શિક્ષણ, રોજગાર અને તાલીમ,સમાજ સુરક્ષા ખાતાનાપ્રતિનિધી, અંધજન મંડળ, અપંગ માનવ મંડળ, મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કૂલ, મહિલા સામખ્ય સોસાયટી, લક્ષ્ય ટ્રસ્ટ-વડોદરા, વિચરતા સમુદાય સમર્થન મંચના પ્રતિનિધી ઉપસ્થિત રહ્યાં હતાં.

# કચરા ના નિકાલ માં કેન્દ્ર ના ગૃહ મંત્રી સૂચના આપે પણ રાજ્ય મુખ્યમંત્રી,સાંસદ,ધારાસભ્ય ની સૂચના શું કમિશનર નહિ માનતા હોય..?

બોપલ, આંબલી અને ઘુમાં વિસ્તારમાં સફાઈ કામદારોના પ્રશ્ને ઉદ્ભવેલ કચરાના નિકાલ બાબતની સમસ્યાનો દીન ત્રણમાં સુખદ - સમાધાનકારી ઉકેલ લાવવા મ્યુનિસિપલ કમિશ્નરને સૂચના આપતા કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ

# લોકગાયક કીર્તિદાન ગઢવીને કલાનગરી ભાવનગરમાં મોટું સમ્માન મળશે

ભાવનગર,તા.ર

કલાનગરી એવાં ભાવનગરને આંગણે આગામી ૦૬ સપ્ટેમ્બરના રોજ એક અદ્દકેરો સન્માન- અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાવનગરના વિકાસ માટે અનેક પગલાં લેનાર અને ભાવનગર ફરતે રીંગરોડ માટે રૂા. ૨૯૭ કરોડ રૂપિયાની ફાળવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું જાહેર સન્માન કરાશે. તો સાથે 'ધન્ય છે કિર્તીદાનને' કાર્યક્રમમાં કિર્તીદાન ગઢવીને 'ગુજરાત ગરિમા એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવશે. જેમાં અનેક કલાકારો-સંતો મહંતો ખાસ ઉપસ્થિત રહેશે.

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી પ્રેરિત ભાવનગર જન્મોત્સવ સમિતિ અને કિર્તીદાન ગુજરાત ગૌરવ સમિતિ દ્વારા આયોજિત ખાસ કાર્યક્રમ 'ધન્ય છે કિર્તીદાનને'નું ભવ્ય આયોજન આગામી તા.૦૬ સપ્ટેમ્બરના યોજાનાર છે. જે અંગેની માહિતી અંગે આજે મંત્રી જીતુ વાઘાણી દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ તકે ખાસ ઉપસ્થિત રહેશે. ભાવનગરના વિકાસ માટે અદ્દકેરુ પ્રદાન કરનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું અને કિર્તીદાન ગઢવીનું 'ગુજરાત ગરિમા એવોર્ડ' થી સન્માન કરવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક નવા ભાવનગરના નિર્માણ માટે ભાવનગર ફરતે રીંગરોડ બનાવવા રૂા. ૨૯૭ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. ત્યારે ભાવનગર નાગરિક સમિતિના વડપણ હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું જાહેર સન્માન-અભિવાદન કરવામાં આવશે. જયારે સુપ્રસિદ્ધ લોકગાયક કિર્તીદાન ગઢવીએ દીકરીઓ માટે રૂા. ૧૦૦ કરોડની નિધિ એકત્ર કરવાના શુભ સંકલ્પનું સન્માન કરવાં માટે આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. જેમાં કિર્તીદાન ગઢવી સૌ પ્રથમ વખત ફ્યુઝન મેશ અપ અવતારમાં પોતાની નવતર કલાની પ્રસ્તુતિ રજૂ કરશે.

તેમજ તેમને મહાનુભાવોના હસ્તે 'ગુજરાત ગરિમા એવોર્ડ' થી પણ સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો જેવાં કે સાઈરામ દવે, પાર્થિવ ગોહિલ, માયાભાઈ આહીર, રાજભા ગઢવી, જીગ્નેશ કવિરાજ, હરેશદાન સુરૂ, હાર્દિક દવે, ગીતાબા ઝાલા, ઉર્વશીબેન રાદડિયા, ઈશાની દવે સહિતના કલાકારો 'રઢિયાળી રાત' અંતર્ગત ભવ્ય લોક ડાયરાની પ્રસ્તુતિ રજૂ કરશે.

# એક ઐસા લડકા થા જીસે મૈ પ્યાર કરતી થી......નો કરૂણ અંત

## થરાદમાં ૩ માસૂમને કેનાલમાં નાખી માતા પણ પ્રેમી સાથે કૂદી પડી

(ન્યુઝ ઓફ ગાંધીનગર બનાસકાંઠા સમાચાર)

થરાદના સણધર સીમમાંથી પસાર થતી મુખ્ય નર્મદા નહેરમાં ગઈકાલે ત્રણ બાળક સાથે મહિલાએ ઝંપલાવ્યું હોવાની જાણ કેનાલ પરના લોકોએ થરાદ નગરપાલિકા ફાયર વિભાગને જાણ કરવામાં આવતાં પાલિકા ફાયર ટીમ અને થરાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારે સ્થળ પરથી મળેલા મોબાઈલ પોલીસે જપ્ત કરી તરવૈયા સુલતાન મીર અને ફાયર ટીમે બે કલાકની ભારે શોધખોળ બાદ બે બાળકના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

ત્યાર બાદ સાંજે ૬ વાગે વધુ એક બાળકનો મૃતદેહ થોડે દૂર તરતો મળ્યો હતો. દેથળી ગામની મહિલાના પતિને જાણવા મળ્યું હતું કે વાવ તાલુકાના ધરાધરા ગામના તેની જ સમાજના દેવાજી રમેશજી ઠાકોર સાથે પ્રેમસંબંધ હતો. તેથી મહિલાના પતિએ થરાદ પોલીસ મથકે ધરાધરા ગામના તેના જ સમાજના દેવાજી રમેશજી ઠાકોર વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી.

ગઈકાલે ત્રણ બાળકના મૃતદેહ મળ્યા બાદ આજે વહેલી સવારે ર કિમી દૂર જાદલા ગામની કેનાલમાંથી બંને પ્રેમી યુગલોના મૃતદેહ લોખંડના તારથી બાંધેલી હાલતમાં મળ્યા હતા. પાલિકાના તરવૈયાએ મૃતદેહને બહાર કાઢ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને થરાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૨૦૦ સિદ્ધિ તપ તપસ્વીઓના 'પારણોત્સવ યોજાયો



અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી રાજનગર શ્વે. મૂ. તપાગચ્છ સંઘ (પશ્ચિમ વિભાગ) દ્વારા આયોજિત મહાપ્રભાવક સર્વસિદ્ધિદાયક ૨૦૦ સિદ્ધિતપ પારણોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સૌ ઉપસ્થિતોને ×મિચ્છામી દુક્કડમ× પાઠવીને જણાવ્યું હતું કે, ૨૦૦ સિદ્ધિતપ તપસ્વીઓના ૪૫ દિવસનાં સિદ્ધિ તપનાં પારણાંના આ પ્રસંગે ઉપસ્થિત રહીને હું ધન્યતા અનુભવું છું. મુખ્યમંત્રીશ્રી એ આ પ્રસંગે જૈન ગુરુજનો અને મહારાજ સાહેબના આશીર્વાદ મેળવ્યાં હતાં. આ પારણોત્સવમાં રજવાડી શોભાયાત્રા સાથે રાજાશાહી પારણાં યોજાયા હતાં.

પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચન્દ્રજિતસૂરીશ્વરજી મહારાજે આ પ્રસંગે તપનું મહત્વ સમજાવતા આશીર્વચન પાઠવ્યાં હતા.આ પ્રસંગે ધારાસભ્યશ્રી રાકેશ શાહ, શહેર ભાજપ પ્રમુખશ્રી અમિત શાહ, આચાર્યો, ગુરુજનો,જૈન શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ, તપસ્વીઓ અને તેમના પરિવારજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.